

॥ હરિઃૐ ॥
Published by Hariom Ashram, Nadiad, Gujarat

# હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)
Year : 6 • Issue : 4 • 5th Jan., 2024 • Price : Rs. 10







## વસંતપંચમી - દીક્ષાદિન ઉત્સવ

હરિઃૐ આશ્રમ, નડિયાદ, તા. ૧૮-૦૨-૨૦૨૪ રવિવાર. (વધુ વિગત ટાઇટલ પાના નં. ૩ ઉપર)



પૂજ્ય શ્રીબાળયોગી મહારાજશ્રીને
પૂજ્ય શ્રીમોટાની

# ભાવાંજલિ

જે પ્રેમીએ સરળતા મુજને શી દીધી,
ને ઘેલછા મુજ અનેક સહી જ લીધી;
ચિત્તે લીધું નહીં કશું મુજ આડુંતેડું,
હું તેમના થકી થયો કંઈ આજ જે છું.

જેણે મને જીવનમાં શીખવ્યો જ પ્રેમ,
તે ઋણ પ્રેમીજનનું શકું વાળી કેમ ?
શું પ્રેમનો વળી શકે બદલો કશાથી ?
તે પ્રેમ તો જીવનની મુજ આદ્યશક્તિ.

તે પ્રેમમાં જીવન પ્રેમથી સર્વ ભાવો,
-તે એક જીવને મુજથી કળાજો;
જો પ્રેમનો જગતમાં બદલો કશો હો,
તે હો પૂરા જીવનના જ રૂપાન્તરે તો.

લક્ષે ધરી હૃદયથી મુજ પ્રેમીને તે,
જો હું ધરી શકીશ જીવન પ્રેમભાવે;
ને પ્રેમ તે જીવનથી જીવને કૃતાર્થ
-પૂરો થતાં, જીવનનો મુજ પ્રેમ ધન્ય.

ઉત્સાહથી હૃદયનું જળ સીંચી જેણે,
આ ઉર પુષ્પ ખીલવ્યું નિજ પ્રેમભાવે;
તેને ધરું ઉમળકે ચરણારવિંદે
તે પુષ્પ, વાસ સહુ, ભેટ સ્વીકારી લેજે.

કોટી પ્રણામ તુજને મુજ રાંકના છે,
બીજું કશું મુજ કને નવ અર્પવાને;
આશિષ ઊંડી ઉરની મુજને દઈ તું,
વર્ષાવી પ્રેમજળ આ દિલ ઠારજે તું.

– સ્મૃતિગ્રંથ

– પૂજ્ય શ્રીમોટા

હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશન

# હરિઃૐ ગુંજન

'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly)

વર્ષ-૬, અંક-૪ માનદતંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૨૪

## "માંગવામાં કાંઈ ખોટું નથી."

**પ્રશ્ન :** મોટા, ભગવાન અંતર્યામી કહેવાય છે તો તે આપણા મનની વાતો જાણે કે નહિ ? આપણને શેની જરૂર છે તેની ખબર તેને પડે કે નહિ ?

**શ્રીમોટા :** એને કોઈનું અંતર જાણવાની શું પડી છે ? તમને ગરજ હોય તો એને તમે જણાવ્યા કરો. આત્મનિવેદન કર્યા કરો, પ્રાર્થના કર્યા કરો, એટલે એની સાથે 'સાઈકીક કોન્ટેકટ,' ચૈત્ય સંબંધ બંધાશે, ને ત્યારે જ આપણને એ જાણશે. શું રસ્તે હરતા-ફરતા ગમે તેવા માણસની ખબર રાખવાની તેને ગરજ છે ? અરે ! સંસારમાં કોઈ કોઈને એમ ને એમ કશું આપી દેતું નથી. તો આ માર્ગે વિના મહેનતે મળે એવી આશા રાખવી તદ્દન મૂર્ખામી છે. એની સાથે હળી, મળી, ભળી, ગળી જાઓ. પછી જોઈ લો એનો ચમત્કાર જો એને તમે ચમત્કાર કહેતા હો તો. સર્વ ભાવે અને સર્વ રીતે એને તમારું સમર્પણ કર્યું હશે તો પછી તમારે કશું માગવાનું રહેતું નથી. માટે એ વિચારી જોવું ઘટે કે આપણે એવું સમર્પણ કર્યું છે ? બાકી ઈશ્વર પાસે માગવામાં કશું ખોટું નથી. એ પણ એક પ્રકારની પ્રાર્થના છે.

**પ્રશ્ન :** મહાત્મા લેખ ઉપર મેખ મારી શકે છે ?

શ્રીમોટાઃ હા, પણ એ બધું પ્રારબ્ધવશાત્ છે એવું કશું પણ નથી. જેને જેને હૃદયસ્થ જીવતો ચેતનમય સંબંધ હોય તેને તે યોગી ઉપયોગી બને છે. તો તે શું ખોટું છે ?

**પ્રશ્ન :** (એક વિદ્યાર્થીનો) : હું કદી મારા સ્વાર્થ માટે કોઈની પાસે જતો નથી ને કાંઈ માગતો નથી. તો તે શું ખોટું છે ?

**શ્રીમોટા :** આપણે નિષ્કામ થયા હોઈએ તો નિષ્કામ ભક્તિ થાય. તમે નિષ્કામ થયા છો ?

**વિદ્યાર્થી :** ના, જી.

**શ્રીમોટા :** તો માણસ એકદમ નિષ્કામ થઈ જતો નથી. એટલે ભગવાન આગળ નિવેદન કરવું, પ્રાર્થના કરવી, એમાં કાંઈ ખોટું નથી. નિષ્કામ થયેલા હોઈએ તો ભક્તિની જરૂર ના રહે. ગીતાજીએ નથી કહ્યું : મારા ચાર પ્રકારના ભક્તો છે ? : (૧) આર્ત (દુઃખી), (૨) જિજ્ઞાસુ (આત્મજ્ઞાન મેળવવાની ઈચ્છાવાળા), (૩) અર્થાર્થી (સુખ મેળવવાની ઈચ્છાથી ભક્તિ કરનાર), (૪) જ્ઞાની (ઈચ્છારહિત, સહજ ભક્તિ કરનાર જીવનમુક્ત).

"શ્રીમોટા સાથે વાર્તાલાપ" પૃષ્ઠ ૧ થી ૩ (પાંચમી આવૃત્તિ)

વર્ષ-૬, અંક-૪ હરિઃૐ ગુંજન જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૨૪
**WEBSITE : www.hariomashram.in** **E-MAIL : hariommota10@gmail.com**

**ટ્રસ્ટીમંડળ**

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ
શ્રી કીર્તિભાઈ બી. પરમાર

**૫મી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**

બદલાયેલ સરનામાની જાણ ગ્રાહક નંબર સાથે આશ્રમના વોટ્સએપ નંબર ઉપર અથવા હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ- ૩૮૭૦૦૧ને કરવી.

**હરિઃૐ આશ્રમ, નડિયાદ**
**આશ્રમ : ૭૮૭૮૦ ૪૬૨૮૮**
**પરેશભાઈ : (મો.) ૯૪૦૮૯ ૨૦૭૫૭**
**રાજેન્દ્રભાઈ : (મો.) ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**લવાજમ**

છૂટક નકલ : રૂ. ૧૦/- વાર્ષિક : રૂ. ૬૦/-
પાંચ વર્ષ : રૂ. ૨૫૦/- દસ વર્ષ : રૂ. ૪૦૦/-

**પ્રકાશન સ્થળ : હરિઃૐ આશ્રમ, પો.બો. ૭૪, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧**

**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પરમાર્થે દાન આપવા જાહેર અપીલ સંદર્ભે જાહેર આભાર | - સંપાદક | ૫ |
| ૨. | પૂજ્ય શ્રીમોટાનો દીક્ષાદિન | - રમેશ ભટ્ટ | ૬ |
| ૩. | સૂર્યત્રાટક અને ધ્યાન | - શ્રીમોટા | ૮ |
| ૪. | સુખનો માર્ગ | - શ્રીમોટા | ૧૦ |
| ૫. | શ્રીમોટાની રૂઢિભંજકતા | - ઈન્દુકુમાર દેસાઈ | ૧૧ |
| ૬. | પૂજ્ય શ્રીમોટાનો કર્મકાંડ | - શ્રીમોટા | ૧૨ |
| ૭. | ઉત્સવોની ઉજવણી : મુક્તવિદ્યાપીઠ (Open University) | - ડૉ. ઉષા ખેર | ૧૫ |
| ૮. | આશ્રમમાં આવવાનો હેતુ | - શ્રીમોટા | ૧૭ |
| ૯. | લાગણી અને ભાવના | - શ્રીમોટા | ૧૯ |
| ૧૦. | ભાવ એટલે શું ? | - શ્રીમોટા | ૨૦ |
| ૧૧. | મનની ચકાસણી | - શ્રીમોટા | ૨૩ |
| ૧૨. | સાધકનો આદર્શ અને ધ્યેય | - શ્રીમોટા | ૨૪ |
| ૧૩. | તાદાત્મ્યભાવની આવશ્યકતા, વાંચેલુ પચાવો | - શ્રીમોટા | ૨૬ |


**હરિઃૐ આશ્રમ, નડિયાદને દાન-ભેટ આવકાર્ય છે.**

આશ્રમના બેંકખાતામાં કોઈ પણ બેંકની પેમેન્ટ એપ, RTGS, NEFT, IMPS, UPI મારફતે દાન/ભેટ મોકલી શકાય છે.

| | | |
|---|---|---|
| એકાઉન્ટનું નામ | : | **હરિઃૐ આશ્રમ, નડિયાદ,** HARI OM ASHRAM, NADIAD |
| બેંકનું નામ | : | BANK OF BARODA - બેંક ઓફ બરોડા, Mission Road Branch, Nadiad |
| સેવિંગ્સ એકાઉન્ટ નંબર | : | 72850100008267 |
| IFSC કોડ | : | BARB0DBMISS (Fifth Character is ZERO) (પાંચમો આંકડો શૂન્ય સમજવો.) |

ઓનલાઈનથી દાન મોકલનાર **સ્વજને તેમનું પૂરું નામ, અટક, સરનામા (પીનકોડ સહિત)**ની જાણ દર્શાવેલ આશ્રમના વ્હોટ્સએપ નંબર ઉપર **મોબાઈલ નંબર, પાનકાર્ડ** સાથેનો ઈ-મેઈલ અચૂક કરવાથી જ ઈન્કમટેક્ષમાંથી કરમુક્તિને પાત્ર IOBE સર્ટી આપી શકાશે. અન્યથા કરમુક્તિ મળશે નહીં. **(ઈન્કમટેક્ષ એક્ટની કલમ ૮૦(જી)(૫) અન્વયે ભેટની રકમ કરમુક્તિને પાત્ર છે.)**

**વ્હોટ્સએપ નંબર : પરેશભાઈ શાહ (મેનેજર) : ૯૪૦૮૯ ૨૦૭૫૭ અથવા રાજેન્દ્રભાઈ રાવલ : ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**ઉપરોક્ત પદ્ધતિથી 'હરિઃૐ ગુંજન'નું લવાજમ પણ મોકલી શકાશે.**

## ૧. પરમાર્થે દાન આપવા જાહેર અપીલ સંદર્ભે જાહેર આભાર - સંપાદક

શ્રીહરિ માટે ઈ.સ. ૨૦૨૩નું વર્ષ શ્રી મોટાની ૧૨૫મી જન્મ જયંતીનું વર્ષ હોઈને પૂર્ણાહુતિને એક યાદગાર હૃદયંગમ બનાવવા માટે મુરબ્બી શ્રી ઈન્દુકાકા (શેરદલાલ) અને શ્રી કાર્તિકેયભાઈ અમીન (અમેરિકા નિવાસી)ના મળેલ માર્ગદર્શન અનુસાર હરિઃૐ આશ્રમ, નડિયાદ અને સુરતના ટ્રસ્ટી મંડળની સંયુક્ત મિટિંગ તા. ૧૮-૧૨-૨૦૨૨ના રોજ યોજવામાં આવેલી. જેમાં શ્રીહરિ મોટાના જન્મદિન ઉત્સવની પૂર્ણાહુતિ પ્રસંગને મીની નૉબેલ પુરસ્કારની સમકક્ષ યાદગાર રહે તે માટે ભારતીય વૈજ્ઞાનિકોને ''ડૉ. વિક્રમ સારાભાઈ રિસર્ચ એવોર્ડ'' કે જે યોજનાનો શ્રીહરિ મોટાએ એક બીજરૂપે પ્રારંભ કરેલો તેને વધુ સક્રિય અને પ્રાણવંત કરવા માટે કોર્પસ ફંડની રકમ વધારીને હાલના તબક્કે રૂ. પાંચ કરોડ જેટલું પરમાર્થે દાન મેળવવા માટે અપીલ કરવી અને તા. ૩૧-૧૧-૨૦૨૩ સુધીમાં દાન મેળવવું અને જે તા. ૧૧-૧૧-૨૦૨૩ સુધીમાં ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદને કોર્પસ ફંડ માટે આપવા નક્કી કરેલ હતું.

ઉક્ત બાબતે બંને આશ્રમના ટ્રસ્ટીશ્રીઓ તેમજ દેશ-વિદેશના આત્મીય સ્વજનો કે જેમના દિલનો ભાવ દરિયાના ભરતીના મોજાંઓથી પણ અનેકગણો વધુ ઉછળતો હતો. તેના પરિણામરૂપે નિશ્ચિત સમયમર્યાદામાં એટલે કે તા. ૩૧-૧૧-૨૦૨૩ સુધીમાં નિશ્ચિત લક્ષ્યાંક રૂ. પાંચ કરોડને આંબી ગયા હતા.

કરૂણાનિધિ શ્રીહરિ મોટાની શાશ્વત ચેતના, મુરબ્બી શ્રી ઈન્દુકાકા (શેરદલાલ), શ્રી કાર્તિકેયભાઈ અમીન, હરિઃૐ આશ્રમ, નડિયાદ - સુરત ટ્રસ્ટી મંડળ તેમજ દેશ-વિદેશના આત્મીય સ્વજનોના અથાક પ્રયત્નોને કારણે કરેલ સંકલ્પને નિશ્ચિત સમયમાં અપ્રતિમ સફળતા મળેલ છે.

**હરિઃૐ આશ્રમ, નડિયાદના બેંક ઑફ મહારાષ્ટ્રના બેંક એકાઉન્ટમાં સ્વજનો દ્વારા હવે પછી રકમ જમા નહિ કરવા જણાવવામાં આવે છે.** હરિઃૐ આશ્રમ નડિયાદને મળેલ રૂ. ૫,૦૦,૦૦,૦૦૦નું દાન ફિઝીકલ રીસર્ચ લેબોરેટરી, અમદાવાદને બેંક ઑફ મહારાષ્ટ્ર, નડિયાદ બ્રાન્ચના તા. ૬-૧૧-૨૦૨૩ના રોજ ચાર જુદા જુદા ચેક મારફતે સિનિ. સાયન્ટિટસ અને જૂની સાયન્ટિટસના ઍવોર્ડ મુજબ આપવામાં આવેલ છે. જેની પહોંચ પણ મળી ગયેલ છે. જેની વિગત નીચે મુજબ છે :

| ક્રમ | ચેક નંબર તારીખ | સિનિ. સાયન્ટિટસ ઍવોર્ડ માટે | જૂની સાયન્ટિટસ ઍવોર્ડ માટે | આપેલ રકમ ચેકથી | પીઆરએલ પહોંચ નં./તા. |
|---|---|---|---|---|---|
| ૧. | ૩૧-૩-૨૩ સુધી (ઉઘડતી સિલક) | ૬૧,૦૯,૮૫૪ | ૬૩,૦૩,૭૪૩ | ૧,૨૪,૧૩,૫૯૭ | અગાઉની (જમા રકમ) |
| ૨. | ૧૪૮૩૬૧ ૬-૧૧-૨૦૨૩ | ૧,૦૦,૦૦,૦૦૦ | — | ૧,૦૦,૦૦,૦૦૦ | BR-P16232-19 ૧૦-૧૧-૨૦૨૩ |
| ૩. | ૧૪૮૩૬૨ ૬-૧૧-૨૦૨૩ | ૮૮,૯૦,૧૪૬ | — | ૮૮,૯૦,૧૪૬ | BR-P16232-20 ૧૦-૧૧-૨૦૨૩ |
| ૪. | ૧૪૮૩૬૩ ૬-૧૧-૨૦૨૩ | — | ૧,૦૦,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦,૦૦૦ | BR-P16232-21 ૧૦-૧૧-૨૦૨૩ |
| ૫. | ૧૪૮૩૬૪ ૬-૧૧-૨૦૨૩ | — | ૮૬,૯૬,૨૫૭ | ૮૬,૯૬,૨૫૭ | BR-P16232-22 ૧૦-૧૧-૨૦૨૩ |
| | **કુલ સરવાળો :** | **૨,૫૦,૦૦,૦૦૦** | **૨,૫૦,૦૦,૦૦૦** | **૫,૦૦,૦૦,૦૦૦** | **અંકે રૂ. પાંચ કરોડ પુરા** |

નિશ્ચિત સમયમર્યાદામાં નિશ્ચિત લક્ષ્યાંક હાંસલ કરી શકાયો તે બદલ આપ સૌનો હરિઃૐ આશ્રમ, નડિયાદ અને સુરતના ટ્રસ્ટીગણ હૃદયથી ભાવવિભોર થઈને આભાર માને છે.

**ટ્રસ્ટીગણ, હરિઃૐ આશ્રમ, નડિયાદ-સુરત**

## ૨. પૂજ્ય શ્રીમોટાનો દીક્ષાદિન - રમેશ ભટ્ટ

(૧) દીક્ષા માટે વસંતપંચમીનો દિવસ નક્કી કરાયો. ભલે એ યોગાનુયોગ હોય. પરંતુ પૂજ્ય શ્રીમોટા કહેતા હતા કે જ્યારે પ્રકૃતિમાં નવજીવનનો સંચાર થાય છે - નવા જીવનનું પ્રાગટ્ય થાય છે તે દિવસ વાતાવરણની અનુકૂળતા માટે ઘણો જ પ્રેરક બની રહ્યો હોય છે. આંબાના વૃક્ષ પર મહોર ખીલવાનો આ પહેલો દિવસ છે. પૂજ્ય શ્રીમોટાએ પરમાત્માના અનુભવ પછીની અનંત અનુભવલીલામાંથી એકનો ઉલ્લેખ કરતાં લખેલું કે 'પોતે'વૃક્ષમાં વૃક્ષરૂપે છે. અને જ્યારે વસંતઋતુનો પ્રારંભ થતાં આંબા પર મ્હોર ખીલી છે એ ક્ષણ નૂતન જીવનના સ્ફુરણનો અદ્ભુત અનુભવ કરાવે છે.

આપણા દેશની પૃથ્વીના જીવનમાં વસંતઋતુમાં આમ્રમંજરી તથા કેસૂડાંની ખિલવણીથી આપણી પાંચેય ઈન્દ્રિય આહ્લાદ અનુભવી શકે છે. આપણા આયુર્વેદના ઋષિઓએ તથા સંસ્કૃતના મહાકવિઓએ વસંતનું ગાન હૃદય ભરી દે એવી રીતે ગાયું છે. પૂજ્ય શ્રીમોટાની દીક્ષા માટે આવો સમય પસંદ કરાયો એનો મર્મ પણ સૂચક છે.

(૨) સ્થળપસંદગી પણ નોંધપાત્ર છે, ડભાણથી નડિયાદ જવાના રસ્તા પર જળાશયના કિનારે આવેલ હાજીમંઝીલના એકાંત ખંડમાં દીક્ષા વિધિ કરાઈ. આ સ્થળ મેળવવા માટે પૂ. બાળયોગીજી મહારાજે પૂજ્ય શ્રીમોટાને કેવી મૂંઝવણમાં મૂકેલા એ વાત આપણે સૌ જાણીએ છીએ. પણ એ મૂંઝવણ અને કસોટી તો ગુરુહુકમના પાલન દ્વારા દીક્ષા માટે વિશેષપાત્રતા માટેની કૃપા મેળવવાની એક વિશિષ્ટ પ્રક્રિયા હતી. ગુરુના હુકમપાલન વિના કૃપાપાત્ર થવાતું નથી એ આધ્યાત્મિક જીવનનો એક નક્કર અનુભવ નિયમ છે. પૂજ્ય શ્રીમોટાએ આધ્યાત્મિક જીવનસાધનાના ઈતિહાસમાં હુકમપાલન વિષે વિસ્તૃત પ્રકરણ લખ્યું છે. 'જીવન અનુભવગીત'ની શ્રેણીના ગ્રંથોમાં એ પ્રગટ થયેલું છે.

(૩) સમય અને સ્થળનાં મર્મ સમજ્યા પછી આપણે વિધિનો મર્મ સમજીએ. પૂજ્ય શ્રીમોટા પૂ. બાળયોગીજીને સાબરમતી નદીને કિનારે મળ્યા હતા ત્યારે કેટલા બધા દિવસો પસાર થયેલા એનું ધ્યાન પણ રહ્યું નહોતુ. પૂ. બાળયોગીજીના પરમ સામર્થ્યનો એમને અનુભવ થયેલો હતો. પરંતુ દીક્ષાવિધિ વખતે તેઓશ્રીએ પૂજ્ય શ્રીમોટામાં જ રહેલી શક્તિના પ્રાગટ્ય માટે અનોખી રીતની વિધિ કરેલી. વિધિનો અંતિમ તબક્કો ઘણાને વિચિત્ર લાગે એવો હતો, પણ એ વિશિષ્ટ હતો. પૂ. બાળયોગીજીએ મોટા લોખંડના ખીલાના મથાળા પરનો દટ્ટો પૂજ્ય શ્રીમોટાના કપાળ પર બે ભ્રમરની વચ્ચે એવી રીતે માર્યો કે મોટાને નિર્વિચાર અવસ્થા પ્રાપ્ત થઈ.

સૂક્ષ્મ આજ્ઞાચક્રનો વેધ કરવાની આ લાક્ષણિક વિધિ હતી.

(૪) દીક્ષાવિધિ પછી પૂ. બાળયોગીજીએ નડિયાદની શેઢી નદીના દખ્ખણિયા ઓવારા પરના ટેકરા પરના વડ પર પૂજ્ય શ્રીમોટાને સાધના ક્રિયા માટે માર્ગદર્શન, આદેશ, અને આશીર્વાદ આપ્યા. કોઈ પણ શિષ્યને દીક્ષિત કર્યા પછી આટલું બધું પ્રાપ્ત થાય એ ઘટના વિરલ છે, પૂ. શ્રીમોટામાંની કેવી રીતે પ્રબળ ભૂમિકા તેઓશ્રીના દર્શનમાં આવી હશે એ સમજી શકાય છે. પૂ. શ્રીમોટાને વડ પર ઊભા રાખીને સ્મરણ સાધનાનું પ્રત્યક્ષ માર્ગ દર્શન આપ્યું. વળી બીજી રીતો શીખવી અને નડિયાદથી

વિદાય લેતી વખતે તેઓશ્રીએ પૂ. શ્રીમોટાને કહેલું કે, આ સ્થળે તારો એક આશ્રમ થશે.

આ હકીકતથી સ્પષ્ટ થાય છે કે દીક્ષાથી સાક્ષાત્કાર અને એ પછીથી તરણતારણ બનેલા ‘મોટા’ના પૂર્ણ રૂપનું દર્શન આ સમર્થ યોગીએ કર્યું હતું.

(૫) આ દીક્ષાવિધિ પછી પૂ. બાળયોગીજીએ કરેલુ વિધાન આ સમગ્ર વિધિની એક આશ્ચર્ય કારક હકીકતને ખુલ્લી કરે છે. પૂ. બાળયોગીજીએ જણાવ્યું કે,‘તારા શ્રી સદ્‌ગુરુ તે પૂજ્ય કેશવાનંદજી ધૂણીવાળા દાદા છે. એમનાથી પ્રેરિત હું તારી પાસે તને સાધનામાં દીક્ષિત કરવા આવ્યો છું. માટે હવે તારે એમના દર્શન કરી આવવા.

પૂજ્ય શ્રીમોટાએ પૂ. ધૂણીવાળા દાદાનું નામ પણ સાંભળેલું નહીં તથા એમના વિશે કશું જાણતા પણ નહીં.

દીક્ષાના આ બધા જ તબક્કા પરથી એમ સ્પષ્ટ થાય છે કે ભગવાન સ્વયં શ્રીમોટાના દેહરૂપમાં પ્રગટ થવા માટે અવતરેલા. અવધૂત સંતોની એક પરંપરાએ તથા હારમાળાએ પૂજ્ય શ્રીમોટાના દેહરૂપમાં પરમાત્માના પૂર્ણરૂપ પ્રગટ થવામાં કેવો ભાગ ભજવ્યો છે એની તો એક ભવ્ય દિવ્ય રોમાંચક કથા છે.

(૬) છેલ્લે, દીક્ષાનો અર્થ પૂજ્ય શ્રીમોટાએ જણાવ્યો છે એ સમજીએ. તા. ૪-૨-૧૯૭૨ના રોજ સૂરતમાં ઉજવાયેલા દીક્ષાદિનની ઉજવણી પ્રસંગે તેઓશ્રી બોલેલા કે **‘દીક્ષા એટલે સમર્પિત જીવન. એટલે કે આપણા જીવનનું સર્વ રીતે ને સર્વ ભાવે જીવનના કોઈ ઉચ્ચ આશયમાં હોમાઈ જવુ.**

પૂજ્ય શ્રીમોટાની એ વિશેષતા છે કે **કોઈ પણ ક્રિયા (કર્મ) પાછળ રહેલો ભાવ સમજીને સ્વીકારી લેવો.** આથી જ તેઓશ્રીએ દીક્ષાનો આવો ભાવાર્થ વ્યક્ત કર્યો છે. આપણે હાલ જે પ્રકારે જીવીએ છીએ એમાં માત્ર આપણા અજ્ઞાનને લીધે આપણા ચિત્તમાં પડેલા અનેક જન્મોના સંસ્કારોના ઉદયના બળથી - એટલે કે પ્રકૃતિથી અને પ્રકૃતિના સ્વભાવથી ધકેલાઈએ છીએ. આવા જીવનનો ત્યાગ કેવી પ્રક્રિયાથી થાય, કઈ રીતે થાય એ મહત્ત્વનું છે. ‘સર્વ રીતે એનું સમર્પણ કરવાનું હોય છે. એટલે કે આપણામાંથી જાગતાં સંસ્કારબળોને વહી જવા દેવા માટે નામસ્મરણનું સાધન સ્વીકારવાનું, એનો અભ્યાસ કરવાનો અને એ અભ્યાસ વખતે આપણાં પ્રાકૃતિક વલણોને નિવારવાની જાગૃતિ ધારણ કરવાની. આમ છતાં જે કંઈ પ્રાપ્ત કર્મો હોય એ કરતાં પણ એની ભૂમિકામાં સ્વાભાવિક રીતે જ પ્રકૃતિનું મૂળ બળ હોય ત્યારે એ કાર્યો કરતાં ‘એ આપણે કરતા નથી પણ આપણી પ્રકૃતિથી થાય છે માટે એનો અહંકાર ન કરવો’ એવો ભાવ ધારણ કરવો. પૂજ્ય શ્રીમોટાની રીતો આથી ય વિશેષ છે. એ કર્મ આચરતી વખતે એ કામ આપણે કરતા નથી પણ ભગવાનની શક્તિથી થાય છે. માટે એ ભગવાનનું છે. એ સુંદર અને પરિપૂર્ણ બની રહે એ રીતે આચરીને પ્રભુના ચરણે તરત જ સમર્પિત કરી દેવું. કર્મ તથા કર્મનુ ફળ સમર્પિત થયું એનું લક્ષણ એ છે કે એ કરતાં કરતાં મન, ચિત્ત હૃદયમાં રહેલા ભગવાન પ્રત્યે એકાગ્ર રહે અને એ કર્મ પૂર્ણ થતાં - પછીથી એની સ્મૃતિ ન રહે.

આ રીતે પ્રાપ્ત પરિસ્થિતિ, સંજોગમાં ભાગ્યા (escape) વિના સંસારીભાવ ત્યજીને એટલે જીવદશાનાં વલણોના જ્ઞાનભક્તિથી ત્યાગ કરાતાં કરાતાં સંસારમાં જ રહીને, ભગવાનને અનુભવવા મથવાની નિરંતર પ્રક્રિયામાં રહેવાના દૃઢ સંકલ્પને દીક્ષા કહેવાય. એઓ પૂજ્યશ્રીના કથનનો મર્મ છે.

## ૩. સૂર્યત્રાટક અને ધ્યાન

- શ્રીમોટા

### સૂર્યત્રાટક

**સૂર્ય ઊગવા માંડે-જરાક દેખાતો થાય કે તેની સામે ત્રાટક શરૂ કરવું.** પણ ૨૫ મિનિટ સુધી કરો છો તેટલું તો નહીં. એટલા વખતમાં તો તેના તેજની ઉષ્ણતા વધી જાય છે ને એનું કોમળપણું ઘટી જાય છે. એટલે માત્ર **૧૫ મિનિટ સુધી કર્યાં કરવું. ત્રાટક દરમ્યાન :**

**'જાગો હૃદે જીવન ચેતનશક્તિ તારી'**

એવો ભાવ રાખશો. એ લીટી મનમાં (કે મોટેથી પણ) ગવાય પણ ખરી. **માત્ર આંખ અને મન એકાગ્ર, હૃદયમાં કેન્દ્રિત હોવાં જોઈએ.** તમને આ કે બીજી જાતના ત્રાટકમાં બીજા વિચારો ઓછા આવતા હોય તો જાપ વગેરે ચાલુ રાખશો અને જો એમાં લીન થવાય તો ભલે થવાય.

### ધ્યાન

**ધ્યાનમાંથી કોઈ ખાસ પ્રકારની લાગણી થાઓ કે ન થાઓ. એ તરફ લક્ષ જ ન આપશો.** માત્ર એમાંથી આપણે સતત જાગૃતિ મેળવીએ ને સાધનામાં વેગ મેળવવાની શક્તિ મેળવીએ તો તે બહુ છે. **તે સમય દરમ્યાન જો આપણા આગ્રહો, મંતવ્યો, લાગણીઓ, વિચારો, આપણા વ્યવહાર-સંબંધો વગેરે બધું જ સાચા અર્થમાં લય પામે તો તેટલી વેળા આપણી અંદરની ચેતનાશક્તિનો Consciousnessનો–જેને હું ભગવાનનો ભાવ કહું છું તેનો-આપણને સ્પર્શ થાય, જાણ થાય, અનુભવ થાય.** એટલા પ્રમાણમાં આપણને સાધનાનો રસ ને રંગ લાગ્યાં જ કરશે.

### પ્રશ્નોના જવાબો : ધ્યાનમાં શ્વાસોચ્છ્વાસ

૧. **ધ્યાનમાં સ્વાભાવિક રીતે સ્વાસોચ્છ્વાસ ધીમા પડતા જશે ને છેવટે તો તદ્દન શાંતપણે ચાલશે.** જો ધ્યાન આપણે યોગ્યપણે કરતા જતા હોઈશું તો પ્રાણાયામના નિયમો આપોઆપ એમાં પળાયા જશે. પણ છેવટે તો શ્વાસોચ્છ્વાસ તદ્દન લય પામ્યા જેવી સ્થિતિનો થશે.

૨. ધ્યાનમાં ઝણઝણાટી થાય છે તે ખોટું નથી. ગરમીને માટે દિવેલ ઘસવાનું શરૂ કર્યું ? ઝણઝણાટી વગેરે જે થાય તે થવા દો. તેની પરવા કરવી નહીં કે ચિત્તને ધ્યાનના સમયે એ તરફ જવા ન દેવું.

### અંતરમાં લક્ષ અને દૃષ્ટિ બહારમાં

૩. ત્રાટકમાં હૃદય ઉપર આંતરદૃષ્ટિ રાખવાથી લીનતા આવે છે એ સાચું છે, પણ બાહ્ય દૃષ્ટિ તો ત્યાં જ (બહાર નજર સન્મુખ રાખેલા દૃશ્યમાં) રાખશો. હવે વચલું બિંદુ એકલું જ દેખાય છે ? કે બીજું બધું દેખાય છે ? **છેવટમાં છેવટ ત્રણ કલાક સુધી આપણે તે લઈ જવાનું છે તે જાણશો.** પણ વૃત્તિ ઉપર આપણે કોઈપણ બળાત્કાર કરવાનો નથી. એમાં વૃત્તિને જેમ જેમ રસ, પ્રેમ આવતાં જાય તેમ તેમ સમય લંબાવ્યા કરવાનો છે તે ખ્યાલમાં રાખશોજી.

**૪. ધ્યાન વખતે ધ્યાન જ. પ્રાર્થના કરવાનું મન થાય ત્યારે પ્રાર્થના. જે કરતા હોઈએ એના ભાવને જ પ્રધાનપણે વળગી રહેવાનું. એકમાં બીજાને ઘૂસવા ન દેવાય.**

### કર્મમાત્ર કેવળ ભગવાનને ખાતર

**૫. ધ્યાનાવસ્થા છોડવાની ઈચ્છા ન થાય (એટલી લીનતા એમાં જામી હોય) તો બીજા કાર્યક્રમને જતો કરવો.** કારણ કે આપણા બધા જ કાર્યક્રમો ધ્યાનની વૃત્તિને વેગ આપવા પૂરતા જ છે. જે સમયે કાર્યક્રમ આપણી વૃત્તિને બાધક નીવડે ત્યારે હમણાં કાર્યક્રમને ફગાવી દેવાનો છે. પછીથી તો, અંતે તો, સતેજ સમાધાનવૃત્તિ થઈ ગયા બાદ, બધાં કામમાંયે આપણે આપણું કામ (સાધના) કરતા થઈ જઈ શકીશું. **કોઈ કાર્યક્રમ આપણી વૃત્તિના વેગને બઢાવવા કરતાં વધારે મહત્ત્વનો**

**નથી.** હા, એવો કાર્યક્રમ હોય કે જે ન કરીએ તો આપણી વૃત્તિને આઘાત લાગે તો એ કાર્યક્રમ જતો ન કરવો.

**'આત્મવિચાર' દ્વારા વૃત્તિનું મૂળ**

૬. વૃત્તિનું મૂળ, વિચારતાં વિચારતાં હાથ લાગે. એકમાંથી બીજામાં, બીજામાંથી ત્રીજામાં એમ ઊતરતા જવું એટલે મૂળની ખબર પડશે જ.

**મથે તેને મળે; શોધે તેને જડે**

૭. જે કોઈ મથે છે એને એની ભૂલ તુરત સમજાઈ જાય છે. ભગવાનની કૃપા જ એને જે કંઈ કરવું ઘટતું હોય તે કરાવે છે.

*(જીવનપગરણ, ચોથી આવૃતિ, પૃ. ૪૯-૫૦)*

**ધ્યાન દરમ્યાન જપ**

મારી તો આ રીત છે. ધ્યાનમાં જતાં જપ ઉપર ભાર રાખવાનો નથી. હલકું ઉપવસ્ત્ર આપણે ઓઢ્યું હોય ને પવન આવતાં જેમ તે આપોઆપ ઊડી જાય છે, **તેમ ધ્યાનમાં જવામાં જપ મદદ કરશે ને લીન થવાતાં એ બંધ થયો છે કે કેમ, એની આપણને ખબર ભલે ન રહે.** એ ખબર રાખવા એ પર ચિત્તનું લક્ષ લઈ જવાની જરૂર નથી; **પણ ચિત્તનું લક્ષ તો જ્યારે પૂરી લીનતા અનુભવાય ત્યારે અંદરની જે Consciousness છે, ચૈતન્ય છે, એ અનુભવવામાં રાખવાનું છે.** તમને થોડા વખત પછી એ ચેતનાશક્તિનો સહેજ ઝાંખો અનુભવ ભગવાનની કૃપા હશે તો થશે; પણ આશા ન સેવશો. જે થયાં કરે તે અનુભવવું. આપણે આનંદથી વર્ત્યાં જવાનું છે.

**જાપમાંથી ધ્યાનમાં સરી જવું**

**જ્યારે ધ્યાનમાં ન હોઈએ ત્યારે જાપને વળગી રહેવાનું. પણ ધ્યાનમાં તો કશાનો આગ્રહ રાખવાનો નથી; જોકે શરૂઆતમાં ધ્યાનમાં જતાં જતાં હરિઃૐ હરિઃૐનું સ્મરણ થવા દેવું,** પણ તે પણ એના પર ઝોક દીધા વિના, ભાર રાખ્યા વિના; એટલે તમે માગો છો તેમ જ થશે.

**આગળને આગળ ચાલ્યા જાવ**

તમે લખો છો કે **"હૃદય ઉપર એકાગ્રતાથી ધ્યાન ધરીને blankness (ખાલીપણું) રાખવાથી મને તરત ઘૂમરી ચઢે છે ને વિચારો ચાલ્યા જાય છે યા કમી થઈ જાય અને નવીન જાતની આનંદની ઝણઝણાટી આખા શરીરે વ્યાપી રહે છે."** એ સાચું છે, પણ એથી સંતોષાઈ જશો નહીં. જે જે અનુભવો થાય તે જણાવ્યા કરશો, પણ **કશી કોઈ વૃત્તિમાં આનંદ ભોગવી લઈ તે ખપાવી દેશો નહીં. જે કંઈ આનંદની વૃત્તિ થાય, ઘૂમરી ચઢે, કે નશો ચઢે, તો એ બધાંથી આપણા મુખ્ય સાધનને વેગ આપવાનો છે,** એ ધ્યાનમાં રાખશો. એ **જે કંઈ મળે કે મળશે તેને જો આડફંટે વાપર્યું તો પછી દેવાળું કાઢવા વારો આવશે તે જાણશો.** કશી કોઈ વૃત્તિમાં સંતોષાઈ જવાનું નથી.

**'blankness' એટલે શું અને કેમ થાય**

હવે એક બીજી વાત. તમો લખો છો કે "blankness રાખવાથી વગેરે" ... **પણ Blankness is a state which can be experienced by going into meditation or is a state which can be brought about by mind-control ધ્યાનમાં જવાથી અનુભવી શકાય કે મનોનિગ્રહથી આણી શકાય એવી એક પ્રકારની સ્થિતિ તે વિચારશૂન્યતા.**

**મન પરના સંયમને લીધે blankness-વિચારશૂન્યતા આણી શકાય.** તે પછીથી જો ધ્યાનમાં જવાય તો ધ્યાન સુંદર થાય જ; ને તે પહેલાંની સ્થિતિમાં એટલે કે એટલો ને એવો કાબૂ ન કેળવાયો હોય તે વેળાએ blanknessની સ્થિતિ ધ્યાનમાં જવાથી ઉદ્ભવાવી શકાય છે. એટલે એ બાબતમાં કશી કોઈ ભ્રમણામાં ન રહેશો. કશું કંઈ અર્ધ-સત્ય સ્વીકારશો નહીં. જે કંઈ અનુભવો થાય તે જ્ઞાનપૂર્વક અનુભવવાનું આપણે રાખવાનું છે.

*(જીવનપગરણ, ચોથી આવૃતિ, પૃ. ૫૨-૫૪)*

## ૪. સુખનો માર્ગ - શ્રીમોટા

**સુખની શોધ અને આસક્તિ**

**જિજ્ઞાસુ :** *'મોટા, વળી પાછો મૂળ વિચાર પર આવું. અમને સુખ ગમે છે અને દુઃખ નથી ગમતું. દુઃખને ટાળીને સુખને જ શોધવાનું મન કેમ થતું હશે ? સુખની તથા દુઃખની બન્ને પ્રકારની લાગણીનું મૂળ શામાં હશે ?'*

**શ્રીમોટા : આપણને સુખની અને દુઃખની લાગણી થાય છે એ જ બતાવે છે કે આપણને આસક્તિ છે. પ્રત્યેક પ્રકારની લાગણીના મૂળમાં આસક્તિ રહેલી છે. આસક્તિ એટલે કોઈ કશા તરફ લાગણીનો મમતાભર્યો પક્ષપાત. લાગણીના આવા મમતાભર્યા પક્ષપાતથી રાગ અને દ્વેષ જન્મે છે, અને એમાંથી સુખ-દુઃખનાં દ્વંદ્વ ઊભા થયાં જ કરે છે.**

હવે મનુષ્યનો સામાન્ય રીતનો એવો સ્વભાવ પડી ગયો છે કે તે પોતાનું સુખ શોધે છે. પોતાના સુખની તીવ્ર શોધમાં એને જગતની અનેક વસ્તુઓમાં આસક્તિ બંધાય છે. આથી કુદરતના નિયમ પ્રમાણે ભટકવા ગયેલું વહાણ વાયુના જોરે મહાસાગરમાં ગમે ત્યાં તણાઈને નાશ પામે છે એ જ પ્રમાણે અનેક વ્યક્તિઓ તેમજ વસ્તુઓની આસક્તિની તાણમાં માનવી ઘસડાય છે. સુખની શોધમાં પડેલો હોવા છતાં આ તાણમાં એ ખેંચાય છે, અથડાય છે અને દુઃખી પણ થાય છે.

**જો આપણે ગંભીર ભાવે અને શાંતચિત્તે આપણું પૃથક્કરણ કરી જોઈશું તો સમજાશે કે આપણા પ્રત્યેક કાર્યમાં કોઈને કોઈ પ્રકારની સૂક્ષ્મ આસક્તિ રહેલી હોય છે.** કોઈ પણ શરીરધારી માનવી જો પોતાની અંદર નજર કરશે તો તે આ વાતનો ઇન્કાર કરી શકે એમ નથી; કેમકે **આસક્તિ શરીર સાથે જ જોડાયેલી છે. આસક્તિ બિલકુલ ન હોય તો અહમ્‌નો સંપૂર્ણ લય થઈ ગયો હોય.**

**જિજ્ઞાસુ :** 'હવે જો આસક્તિ શરીર સાથે જ જોડાયેલી હોય તો પછી આસક્તિ જતાં માણસનું શરીર પણ નાશ પામે ખરું ને ? મતલબ કે શરીરધારી કોઈ પણ વ્યક્તિ ક્યારેય સંપૂર્ણ સુખી તો થઈ જ ના શકે.'

**શ્રીમોટા :** 'જુઓ ભાઈ, આપણે સ્થૂળ આસક્તિથી સૂક્ષ્મ આસક્તિ લગી પહોંચી ગયા. **રામકૃષ્ણ પરમહંસે એમ કહેલું છે કે શંકરાચાર્ય જેવા આત્મજ્ઞાની પુરુષ પણ જ્ઞાનપ્રસાર માટે એક પ્રકારનું સાત્ત્વિક અહમ્ રાખતા હતા. એટલે કોઈ પણ પ્રકારનાં કર્મ આસક્તિ વિના થઈ શકતાં નથી. કંઈ પણ કરવાની ઇચ્છા એ વિના કશી પણ પ્રવૃત્તિ કે કર્મ ઉદ્‌ભવી શકતાં નથી ઇચ્છા આસક્તિનું જ લક્ષણ છે.**

**આમ આસક્તિ સૂક્ષ્મ કે સૂક્ષ્મતમ રીતે પણ રહ્યા કરે છે.** એટલા માટે જ આ ઇચ્છાના વલણ સામે સાવધ રહેવાની જરૂર છે. આમાં આસક્તિ નિર્મૂળ થવાની નથી, કે કરી શકવાની પણ નથી. **પણ ઇચ્છા-કામના-આસક્તિને યથાયોગ્ય રૂપમાં આણીને એને ઉપયોગમાં લેવાની છે.** હવે આ આસક્તિ સૂક્ષ્મ અને સૂક્ષ્મતમ હોવાથી માનવી બધી ઇન્દ્રિય ભોગ્ય વસ્તુઓ વિષે આસક્તિ વધારતા જવાના. ઇન્દ્રિયો પાસે ભોગ ભોગવવાની શક્તિ મર્યાદિત હોવાથી એ થાકીને ક્ષીણ થઈ જવાની. પરિણામે આસક્તિની તાણ એટલી જ તીવ્ર હોવાથી માનવી જીવો દુઃખ જ પ્રાપ્ત કરવાના.

**આસક્તિમાં સૂક્ષ્મ ઇચ્છાઓને પોષવાની વૃત્તિ રહેલી હોય છે. એથી માનવી કોઈને કોઈ ઇચ્છાને પોષવામાં જ જીવન ગાળતો હોય છે. પણ તેને સામાન્ય રીતે એનું ભાન હોતું નથી. આપણે જરા**

**ઊંડા ઊતરીને આપણી જાતની તપાસ કરીશું તો જણાશે કે આપણાં આંખ, કાન, ત્વચા, જીભ વગેરે બધી જ ઈન્દ્રિયો અરે, એટલું જ નહિ, સમગ્રરૂપે આપણે જેને 'આપણે' કહીએ છીએ એ પણ-કોઈ ને કોઈ કળી ન શકાય એવી આસક્તિમાં ખૂબ ગમે તેવી મીઠાશ અનુભવતા હોઈએ છીએ.**

**આ મીઠાશ ઈન્દ્રિયજન્ય છે, ને ઈન્દ્રિયોના સંતોષ માટે છે. એથી જ્યાં સુધી આપણે એને પ્રયત્નપૂર્વક નિઃસ્વાર્થી ન બનાવી શકીએ, એની ટેવોના પ્રવાહને ન વાળીએ ત્યાં સુધી ઈન્દ્રિયો બધી વસ્તુના પોતાના વિષયમાં સ્વચ્છંદે રાચશે.** ઘણા લોકોને તો, ઈન્દ્રિયો પોતપોતાના વિષયમાં રાચ્યા જ કરતી હોય છે એનું ભાન પણ રહેતું નથી.

[સુખનો માર્ગ પાંચમી આવૃત્તિ પૃષ્ઠ. ૩૨-૩૪]

## ૫. શ્રીમોટાની રૂઢિભંજકતા - ઈન્દુકુમાર દેસાઈ

સંતોના બાહ્યવર્તનથી આપણે તેમનું મૂલ્યાંકન ન કરી શકીએ. એવું જ મોટા અંગે પણ ખરું. કોઈ વ્યક્તિ ઉદ્‌ઘાટન કરાવવા, લગ્ન કરાવવા, જનોઈ દેવડાવવા, ખાતમુહૂર્ત કઢાવવા માટે પૂજ્ય શ્રીમોટાને આમંત્રણ આપે ત્યારે મોટા આમંત્રણ આપનાર ભાઈની રૂખ જોઈને મુહૂર્ત શોધવા પચાંગ વગેરે લઈને બેસી જાય.

**પણ આંતરિક રીતે એ કેવા રૂઢિભંજક હતા તેનો એક સુંદર પ્રસંગ છે.** મોટાના સ્નેહીજનની એક દીકરીનાં લગ્ન ગોઠવાયાં હતા. વડીલોની ઈચ્છા પૂજ્ય શ્રીમોટાના હાથે લગ્નવિધિ કરાવવાની હતી. બધું જ નક્કી થઈ ગયું. આમંત્રણો પણ દેવાઈ ગયાં. બધી જ પૂર્વ તૈયારી થઈ ચૂકી હતી.

લગ્નના એકાદ-બે દિવસ અગાઉ પરણનાર કન્યા આશ્રમે આવી. પૂજ્ય મોટાની સાથે એ વાત કરવા આવી હતી. તે કંઈક મૂંઝવણમાં હતી. તેણે પૂજ્ય શ્રીમોટાને કહ્યું : 'મોટા, આપણે તો પરમ દિવસે લગ્નનું બધું નક્કી કરી દીધું છે. અને હું તો આજે માસિકધર્મમાં છું, તો શું થશે ?'

"કેમ બહેન ! તને આટલી બધી ચિંતા થાય છે ?" પૂજ્ય શ્રીમોટાએ પૂછ્યું.

તે બહેને જવાબ આપ્યો : "મોટા, હું તો કાંઈ આ બધાંમાં બહુ માનતી નથી. પરંતુ આપ જેવા સંતપુરુષના હાથે આ સ્થિતિમાં લગ્ન કરાવવામાં કંઈ દોષ તો નહિ લાગે ને ?"

પૂજ્ય શ્રીમોટાએ પૂછ્યું, "તને કંઈ વાંધો છે ? *મને કોઈ વાંધો નથી.* પણ જો તને વાંધો હોય તો આપણે લગ્ન મોકૂફ રાખીએ."

પેલાં બહેનના મન પરથી જાણે ભાર ઊતરી ગયો હોય એમ સહસા જ બોલી ઊઠયાં : 'મોટા, તમને વાંધો ન હોય તો મને તો કોઈ વાંધો નથી.' પૂજ્ય શ્રીમોટાએ વધુમાં ઉમેર્યું : 'તારે કોઈને કહેવું નહિ. આપણે બે જ જાણીએ !'

**મુકરર દિવસે અને સમયે જ લગ્ન થયાં. તે દિવસે બહેન માસિકધર્મમાં હતાં. આવી હતી મોટાની રૂઢિભંજકતા.**

[પૂજ્ય શ્રીમોટા એક વિભૂતિ, પ્ર. આ.; પૃષ્ઠ. ૧૧-૧૨]

### હરિઃૐ ગુંજનને આર્થિક સહયોગ

(૧) મૃદુલાબેન માણેકલાલ મુખી (અમદાવાદ) - રૂ. ૧૦૦૦

(૨) જીતેન્દ્રભાઈ નરોત્તમદાસ પટેલ (અમદાવાદ) - રૂ. ૫૦૦

## ૯. પૂજ્ય શ્રીમોટાનો કર્મકાંડ - શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટાએ જીવનનાં સર્વ પાસાંઓને તથા આવી મળતાં વ્યવહારોને જ્ઞાનભાવે સ્વીકાર્યા છે અને એમને પણ દિવ્યજીવન માટેની, પ્રભુમય જીવન માટેની સાધનાના એક આવશ્યક ભાગ ગણ્યા છે. પૂજ્ય શ્રીમોટાની આ ઘણી મોટી અને મહત્ત્વની ઘટના છે.

પૂજ્ય શ્રીમોટા સને ૧૯૩૯માં રામનવમીને દિવસે પૂર્ણ જીવનને પામ્યા. એ **પછીનું તેઓશ્રીનું જીવન એ હરિરૂપ જીવન, પૂર્ણ પુરુષ તરીકેનું જીવન હતું.** કોઈ પણ વ્યક્તિ એમના જીવનના એ હાર્દને સંપૂર્ણ રીતે પામી ન શકે એવું ભવ્ય અને દિવ્ય જીવન હતું. તેમ છતાં એઓશ્રીનું વ્યક્ત થવાનું એવું હતું કે તેઓ એક સામાન્ય જન હોય ! એનું કારણ એ હતું કે તેઓશ્રીના સ્ફટિક જેવા પારદર્શક વિરાટ જીવનમાં નિમિત્તયોગે જે જે વ્યક્તિઓ આવતી તેમની જ પ્રકૃતિનાં પ્રતિબિંબો ત્યાં ઝિલાતાં. એથી કરીને સર્વ વ્યક્તિઓને **'મોટા'** પોતાના લાગતા અને એ ભાવના અને ભાવની ક્ષણોમાં **'મોટા'**નો સૂક્ષ્મ ગૂઢ પ્રવેશ જે તે જીવોના અંતઃકરણમાં થઈને પ્રભુ પરત્વેની અભિમુખતાનાં બીજ મૂકી દેતો.

પૂજ્ય શ્રીમોટાનાં સૂક્ષ્મ ગૂઢ કાર્ય માટે પ્રકૃતિ માધ્યમ હતી એથી એ પ્રકૃતિ એવી ને એવી કદી રહી શકતી નહીં પણ એનું સ્વરૂપાંતર થયે જતું. પ્રકૃતિના આવા રૂપાંતર એટલે કે પ્રભુભાવ તરફના રૂપાંતરમાં જીવનાં સભાનતા, સહકાર અને પોતાના તરફથી ઉત્કટ પુરુષાર્થની મદદ મળ્યા કરે તો તેવા જીવ પ્રભુના પાવનકારી પંથે ઝડપથી વિકાસ પામી શકે. આવું અજોડ અને અપૂર્વ સામર્થ્ય ધરાવતા અને સિદ્ધ કરી શકતા પૂજ્ય શ્રીમોટાએ આવી સંસ્કાર-વિધિઓ રચીને કર્મકાંડ શા માટે ઊભું કર્યું હશે ? એવો પ્રશ્ન કો'કને પણ થાય.

પૂજ્ય શ્રીમોટાના આ વિધિ-વિધાન પાછળ તેઓશ્રીને લક્ષિત એવી આધ્યાત્મિક ભાવના તો રહેલી જ છે. ઉપરાંત સમાજ સુધારણાની ભાવના પણ રહેલી છે. આ પ્રકારની વિધિઓનું કેટલુંક બાહ્યાંતર મહત્ત્વ જોઈએ.

(૧) વિધિની રચના સરળ ગુજરાતી ભાષામાં છે. આપણો કર્મકાંડ સંસ્કૃતમાં હોવાથી દરેક વ્યક્તિ એ કર્મ પાછળનો ભાવ અને એને આચરવાની ભાવના પૂરેપૂરી સમજી શકે નહીં. એવો સંભવ અનુભવાતો હતો. માટે આ વિધિ દ્વારા સૌ કોઈ એ કર્મ પાછળની ભાવના સમજી શકે એ માટે તેઓશ્રીએ અનુષ્ટુપ વગેરે છંદોમાં વિધિ આદિની રચના કરી છે.

(૨) દરેક પ્રસંગની વિધિમાં હાજર રહેલ સહુ સ્નેહીઓ અને શુભેચ્છકોએ મુખ્ય યજમાનની સાથે જ આ વિધિ ગાવાની હોય છે. એથી પ્રસંગમાં સૌ કોઈનો સાથ અને સહકાર અનુભવાય છે અને દરેક વ્યક્તિએ પોતે જ આવા શુભ કાર્યમાં પ્રત્યક્ષ સાચો ભાગ લીધો છે એવી ભાવના સાકાર થાય છે. વળી, સમૂહમાં વિધિ-પ્રાર્થનાઓ ગાવાથી એક જ ભાવનાને અનેક જીવોનો ભાવાત્મક વેગ મળતો હોવાથી એ પ્રત્યેક જીવના હૃદયને ખૂબ ઊંડે સુધી પહોંચી શકે છે અને સ્પર્શી શકે છે. એ ઉપરાંત એક ખાસ નોંધપાત્ર બાબત એ કે વિધિ-પ્રાર્થના એક પરમ પુરુષ, આત્મનિષ્ઠ સદ્‌ગુરુનાં હૃદયમાંથી પ્રકટેલી હોવાથી એના શબ્દો ચેતનવંતા છે અને

મોટેથી બોલનાર-ગાનારના જ્ઞાનતંતુઓને તથા અંતઃકરણને એનો સૂક્ષ્મ સ્પર્શ થાય છે. પરિણામે જીવને આધ્યાત્મિક લાભ અજાણતાં પણ થાય છે. વળી આવા શબ્દો સમૂહમાં મોટેથી ઉચ્ચારાતા હોવાથી પવિત્ર કાર્ય માટે જરૂરી એવું વાતાવરણ પણ નિર્માય છે. બધી જ વ્યક્તિઓ આ વિધિ-પ્રાર્થનાઓમાં સામેલ થતી હોવાથી દરેકનાં ચિત્ત એક જ ભાવનાત્મક કાર્ય સાથે જોડાયેલાં રહે અને યદ્વાતદ્વા જાય નહીં. પરિણામે ચેતનપુરુષની ચેતનાશક્તિ આવા એકાગ્ર બની રહેલા ચિત્તમાં ગૂઢ, દિવ્ય સંસ્કારો સ્થાપી શકે. આવા આધ્યાત્મિક હેતુઓ વિધિના સમૂહગાન પાછળ રહેલાં છે.

(૩) પૂજ્ય શ્રીમોટા વિરચિત આ વિધિઓમાં કર્મ પાછળ કેવા પ્રકારની ભાવના દૃઢ કરવી એની સ્પષ્ટતા કરવામાં આવી છે. એટલા માટે આવા વિધિ પ્રસંગે જ્યારે એનું ગાન થતું હોય તે સાથે સાથે એના અર્થ પરત્વે પણ આપણું લક્ષ રહે એ ઘણું મહત્ત્વનું છે. કેમ કે શબ્દના અર્થો ગ્રહણ કરવાથી આપણા હૃદયમાં એ ભાવના જીવંત થઈ શકે છે. પૂજ્ય શ્રીમોટાએ જે ભાવનાઓ સ્પષ્ટ કરી છે એને જીવનમાં આચરતી વેળાએ હૃદયમાં કેવા પ્રકારનો ભાવ ધારણ કરવો અને કેવા કેવા ગુણો કેળવતાં જવું એ પણ એમાં દર્શાવ્યું છે. **એટલા માટે લગભગ દરેક પ્રસંગની વિધિમાં ભાવના સાથે ભાવ અને ગુણોનું સંવર્ધન થાય એ જ વાત મોખરે રાખી છે.** એટલે તેઓશ્રીએ પ્રેરેલી એકએક પ્રાર્થના જીવનને પ્રભુભાવભર્યું એટલે કે ગુણ અને ભાવને પ્રકટાવનારું અને એની વૃદ્ધિ કરતા રહેવાને પ્રેરે એવું છે.

ઉપરાંત આ વિધિમાં જે પ્રતિકો છે અને વસ્તુઓ છે તેનું ગૂઢ રહસ્ય પણ સ્પષ્ટ કરેલું છે. દા.ત. **ગણપતિ સ્થાપન, ગણ એટલે વૃત્તિઓ. પતિ એટલે સ્વામી. વૃત્તિઓનો સ્વામી છે તે ગણપતિ.** આવી શુભ પ્રવૃત્તિ આરંભનાર જો પોતાની વૃત્તિઓ પર સંયમ ના રાખે તો આવું શુભ કાર્ય અશુભ બનાવી દે. તેથી સર્વ પ્રથમ તેને ચેતવવામાં આવે છે. તેને ચેતવવા માટે ગણપતિનું સ્થાપન જરૂરી છે.

(૪) પરિણામે આ વિધિ પ્રાર્થનાઓ માત્ર શુષ્ક, ચીલાચલુ કર્મકાંડ નથી, માત્ર કરવા ખાતર કરી લેવાની યોજના નથી, પણ આપણા જીવનને ઉન્નત દિવ્ય માર્ગ તરફ લઈ જવા પ્રેરનારી એક અપૂર્વ શક્તિ છે. આ ભાવના જીવંત કરી આ સંસ્કાર વિધિઓ, નૈમિત્તિક પ્રાર્થનાઓ કે દૈનિક પ્રાર્થનાઓ થાય એનું ખાસ ધ્યાન રખાવું જોઈએ.

આપણા જીવનમાં જે જે મહત્ત્વના તબક્કાઓ આવે છે એમાં આવા પ્રકારનો સંસ્કારવિધિ જીવનને ઘણાં વેગથી ઉન્નત બનાવે છે. પૂજ્યશ્રીએ યજ્ઞોપવીત અને લગ્ન સંસ્કારની ભાવનાને જે આધ્યાત્મિક ભાવથી સાકાર કરી આપી છે એ એમનો આપણા સમાજજીવન પર ઘણો મોટો ઉપકાર છે. કેમ કે **આપણે આપણી સર્વ ધાર્મિક વિધિઓને કેવળ સામાજિક પ્રતિષ્ઠાનું સાધન બનાવીને એવા પ્રસંગ નિમિત્ત કેવળ વૈભવ-વિલાસનો બેહૂદો ડોળ દાખલ કરી દીધો છે !** પૂજ્ય શ્રીમોટાની આ રચનાત્મક દેણગીની કર્મકાંડી શાસ્ત્રીઓએ પણ કદર કરી છે, એ એક આપણા સામાજિક વિકાસનું ઊજળું ચિહ્ન છે.

(૫) આ સર્વ વિધિઓમાં ખાતમુહુર્તને બાદ કરતાં અગ્નિ પ્રકટાવવાનો હોય છે, યોગ્ય મંત્ર પસંદ કરીને એની આહુતિઓ અર્પવાની હોય છે. પૂજ્ય શ્રીમોટાએ લગ્નવિધિ વખતે યજ્ઞકુંડની રચના

તથા અગ્નિના પ્રાકટ્ય પાછળ રહેલી ભાવના સમજાવી છે. એની ધારણા રાખવાની છે. વિધિ વખતનાં સાધનો અને ક્રિયા પણ પ્રતીકરૂપ જ છે. **એની પાછળની ભાવનાની સમજૂતી અને એ પ્રમાણે જીવન જીવવા માટેનો હૃદયનો ભાવભર્યો ઉમળકો મહત્ત્વનો છે. એ જ સર્વ પ્રકારની યજ્ઞવિધિ પાછળનું હાર્દ છે. હાર્દને જ ગ્રહણ કરવાથી જીવન પમાય છે. એમ પૂજ્ય શ્રીમોટા વારંવાર કહેતા હતા.**

જીવનમાં, સંસારમાં વિઘ્ન, મુશ્કેલી, આપત્તિ, દુઃખો, અનિષ્ટો વગેરે આવતાં હોય છે. તે વખતે પ્રભુ સાથે હૃદયનું અનુસંધાન રહે અને મુક્તપુરુષે-પૂર્ણપુરુષે પ્રેરેલા શબ્દો - કે જે મંત્રરૂપ છે - દ્વારા પ્રાર્થના થતી રહે એ માટે આવી યજ્ઞવિધિઓ છે. આવા યજ્ઞ કુટુંબીઓ તેમ જ વ્યક્તિ પોતે પણ કરી શકે. કોઈપણ પ્રકારની સાંસારિક મુશ્કેલી અને વિઘ્ન વેળાએ યજ્ઞવિધિ પ્રાર્થનાનો પ્રયોગ કરવા જેવો છે, અને એના પરિણામનો અનુભવ કરવા જેવો છે.

(૬) પૂજ્ય શ્રીમોટાએ આ બધી વિધિઓની તથા પ્રાર્થનાઓની રચના નિમિત્તયોગે કરી છે. મુક્તપુરુષ માટે નિમિત્ત એ ઘણું જ સૂક્ષ્મ અને ગૂઢ તત્ત્વ છે. જિજ્ઞાસુઓએ તેઓશ્રી રચિત 'નિમિત્ત' પુસ્તક વાંચવું જરૂરી છે. જે જે પ્રસંગોએ વિધિ કરાવવાનું આમંત્રણ પૂજ્યશ્રીને મળ્યું તે તે નિમિત્તે તેઓશ્રીએ તે તે પ્રસંગને અનુરૂપ વિધિ પ્રાર્થનાની રચના કરી.

ધાર્મિક આધ્યાત્મિક જીવનના સ્વીકારમાં વિધિ ઘણી જરૂરી છે. મૌન એકાંત મંદિરના આરંભના દિવસોમાં પૂજ્ય શ્રીમોટા મૌન એકાંતમાં બેસનાર જીવ પાસે જઈને અમુક વિધિ કરતા હતા. એ પછી તો તેઓશ્રીનું સામર્થ્ય જે તે જીવો પર સૂક્ષ્મ રીતે વિધિ કાર્ય કરતું. તેઓશ્રીએ એમ લખેલું છે કે આપણે એમને જે આજે યાદ કરીએ એ પણ તેઓશ્રીએ આપણામાં કરેલી એવી સૂક્ષ્મ વિધિનું પરિણામ છે. જેઓ પૂજ્ય શ્રીમોટાને રૂબરૂ મળ્યા નથી છતાં એમનાં પ્રતિ કોક ને કોક કારણસર આકર્ષાયા છે એ પણ પૂજ્યશ્રીનાં સૂક્ષ્મ નિમિત્તો છે. એની એમના પર પણ આવી સૂક્ષ્મ ક્રિયાવિધિ થઈ જ હશે. આવા સામર્થ અને સૂક્ષ્મરૂપે રહીને સક્રિય રહેલા પરમ ચેતન સ્વરૂપ પૂજ્યશ્રીના હૃદયનું સાંનિધ્ય મેળવવા આ બધી વિધિઓ, યજ્ઞવિધિઓ તથા પ્રાર્થનાઓ રૂપી પ્રેમભર્યું, અસરકારક અને પરિણામ પ્રેરક હાથવગું સાધન આપણને તેઓશ્રીની કૃપાથી મળ્યું છે.

(૭) કોઈપણ વિધિ કરતાં કરતાં ઉત્સાહ કે ઉમંગમાં ક્રિયામાં કશું ઊલટાસૂલટી થાય કે કશી ભૂલ થાય તો ભય પામવાની જરૂર નથી. ક્રિયા કરવામાં મન વધુ એકાગ્ર રહે એ માટે આપણા કર્મકાંડી પુરોહિતોએ અમુક પ્રકારની ભૂલોથી ગંભીર પરિણામોના ભય દર્શાવેલા હશે એમ અનુમાન કરી શકાય. **પરંતુ પૂજ્ય શ્રીમોટા પ્રેરિત આ વિધિમાં ક્રિયા માત્ર પ્રતીક છે, પણ એની પાછળની ભાવના અને ભાવ મહત્ત્વનો છે. એથી એ પ્રાર્થનાનું માત્ર ઉપર છલ્લું જ રટણ ન થાય એટલી કાળજી રાખવી જરૂરી છે.** વળી પ્રાર્થનામાં રહેલા ભાવ મુજબનું આપણું જીવન વહે એવી જાગૃતિ માટે પુરુષાર્થ કરતાં રહેવાનું છે. પૂજ્યશ્રીએ પ્રેરેલી વિધિઓનું આ હાર્દ આપણાં મન, બુદ્ધિ, ચિત્ત પર રહ્યાં કરે એ વધારે મહત્ત્વનું છે.

[વિધિ-વિધાન, દ્વિતીય આવૃત્તિ; .......]

## ૭. ઉત્સવોની ઉજવણી : મુક્તવિદ્યાપીઠ (Open University) - ડૉ. ઉષા ખેર

શ્રીમોટાને મન સમાજ એ ભગવાનનો પર્યાય છે. સમાજ ભગવાનને ઉદ્‌ઘાટિત કરવાના મહદ્ ઉદ્દેશ્યની પૂર્તિ અર્થે જ તેમણે ઉત્સવો ઉજવવાની સંમતિ આપી હતી. પરિમાણે દર વર્ષે નીચેના ચાર ઉત્સવો ઉજવાય છે.

૧. શ્રીમોટાનો જન્મ દિવસ....ભાદરવા વદ - ૪

૨. શ્રીમોટાનો દીક્ષાદિન..... વસંતપંચમી

૩. શ્રીમોટાનો સાક્ષાત્કાર દિન...રામનવમી

૪. ગુરુપૂર્ણિમા... અષાઢ સુદ - ૧૫

ગુરુપૂર્ણિમા ઉત્સવ દર વર્ષે ટ્રિચીનાપલ્લીમાં એન. ગોપાલદાસની પેઢીમાં ઉજવાય છે. એ ઉત્સવમાં મદ્રાસમાં રહેતા સ્વજનો, કુંભકોણમમાં વસતા સ્વજનો તેમજ પોંડીચેરી શ્રીઅરવિંદ આશ્રમમાં રહેતા મિત્રો અને અન્ય પરિચિતો ભાગ લે છે.

આ સિવાયના બાકીના ત્રણ ઉત્સવો મોટાભાગે ગુજરાતમાં ઉજવાય છે. તે માટે કોઈ સ્વજન યા સ્વજન સમૂહ યજમાન તરીકે અગાઉથી નિમંત્રણ આપે તેનો સ્વીકાર કરી હરિઃૐ આશ્રમ તથા શ્રીમોટાના સંપર્કમાં આવેલાં સો કોઈને નિમંત્રણ પાઠવવામાં આવે છે. આવા ઉત્સવોનો તમામ ખર્ચ યજમાન ઉપાડી લે છે. સમારંભ મોટાભાગે રવિવારે યોજાય છે. જેથી સૌને સુવિધા રહે અને નિયત કાર્ય બગડે નહિ. તેમાં સાદું ભોજન જ રાખવામાં આવે છે.

**શ્રીમોટા હયાત હતા ત્યારે અને શક્ય હોય ત્યાં આજે પણ સવારમાં મધુરીબેન ખરેના ભજનથી ઉત્સવનો પ્રારંભ થતો.** તે પછીથી શ્રીમોટા સ્વજનોને સંબોધતા એમનું આ ઉદ્‌બોધન સ્વજનોની બાહ્ય તેમજ આંતરિક **‘‘ખબર’’ લેનારું બની રહેતું. તે પછી શ્રીમોટા ઉદ્‌બોધનને અંતે દાન માટે અપીલ કરતા.** સૌ શક્તિ અનુસાર હોંશે હોંશે આપવા તત્પર રહેતા. વળી ક્યારેક તો બ્હેનો ઘરેણાં પણ આપતી. તેનો સ્વીકાર કરી તેની ત્યાંજ હરાજી બોલાવવામાં આવતી અને જે રકમ આવતી તે અગાઉથી નક્કી કરેલી યોજના માટે જે સંસ્થાને વચન આપેલું હોય તેને મોકલી આપતા. શ્રીમોટા ઉત્સવ અગાઉ યોજના અંગે વિચારતા અને તે માટે તેને પરિપૂર્ણ કરે, ક્રિયાન્વિત કરી શકે એવી સંસ્થા કે વ્યક્તિને મળી, તેની સાથે વિચાર-વિમર્શ કરી યોજના માટે નાણાંનો અંદાજ કઢાવતા અને તે નાણાં મેળવવા માટે ઉત્સવ વખતે ટહેલ નાંખતા. નાણાં મેળવીને યોજના માટે સંસ્થા/વ્યક્તિને આપીને તે યોજના સારી રીતે પાર પડે, અમલી બને તેની સંભાળ પણ રાખતા. જરૂર પડે તો વધુ નાણાં પણ મેળવી આપતા. તેમજ જરૂરી માર્ગદર્શન પણ કરતા.

**શ્રીમોટાએ ધનસંચયની સ્પૃહા કદીએ નહીં સેવેલી. જરૂર ઊભી થાય ત્યારે નાણાં એકઠાં કરતા અને તુરત જ તેનો નિકાલ કરી દેતા.** પોતાનાં પુસ્તકોની રોયલ્ટીની લાખો રૂપિયા ઉપરાંતની રકમ તેમણે સમાજ કલ્યાણની પ્રવૃત્તિઓ માટે જ સમર્પિત કરી દીધી હતી. પોતાના માટેય તેનો ઉપયોગ નથી કર્યો. એવો નિસ્પૃહી આત્મા શ્રીમોટાનો હતો !!

શ્રીમોટા પ્રેરિત આ ચાર ઉત્સવોની ઉજવણીને **સંશોધક મુક્ત વિદ્યાપીઠ (Open University) એટલે કહી છે કે જેમ આજનાં આપણાં વિશ્વ વિદ્યાલયો નીચે જેવા ત્રણ કાર્યો કરે છે. તેવા જ**

**વિવિધ હેતુઓની સિદ્ધિ આ ઉત્સવોની ઉજવણી થકી થાય છે. તે ત્રણ હેતુઓ-કાર્યો આ પ્રમાણે છે.**

(૧) શિક્ષણ (Education) (૨) વિસ્તરણ (Extension) અને (૩) સંશોધન તથા લેખન-પ્રકાશન (Research & Publication)

**આ ઉત્સવોમાં થતાં શ્રીમોટાનાં પ્રવચનો તથા પ્રશ્નોત્તરી વાર્તાલાપ એ સીધું શિક્ષણનું કામ કરે છે. જ્યારે સ્વજનો પરસ્પર સંપર્કમાં આવે, સત્સંગ લાભ પ્રાપ્ત કરે, વિચારોનું આદાન-પ્રદાન કરે તથા દાન માટેના પ્રયત્નો થકી દાતાના હૃદયમાં એક સારા કામ માટેનો સદ્ભાવ જાગૃત થઈ, હૃદય પરિવર્તન થાય. એ શિક્ષણને સંસ્કારના વિસ્તરણનું કાર્ય થયું અને આ પ્રવચનો, વાર્તાલાપો, પ્રશ્નોત્તરીનાં પુસ્તકો તથા ઉત્સવને લગતાં વિશેષાંકો પ્રગટ થાય તે લેખન-પ્રકાશનનું કામ થયું ગણાય.** વળી નવી નવી ગુણભાવ વિકાસક યોજનાઓ અને બાલસાહિત્ય **તેમજ સંશોધનનાં પ્રકાશન તેમજ કાર્યોનો વિચાર આ ઉત્સવો સાથે તેઓશ્રી કરતા.** જેથી સંશોધન-પ્રકાશનનું કામ પણ **એક રીતે આ ઉત્સવોની સાથે જ જોડાય છે.** આમ વિવિધ કાર્યક્રમોને ક્રિયાન્વિત કરનારા **આ ઉત્સવો મુક્ત વિદ્યાપીઠની ગરજ સારે છે. એમ કહેવું અત્યુક્તિ નહીં લેખાય.**

પેટલીકર, ભટ્ટ અને મહેતા ''પૂજ્ય શ્રીમોટાઃ જીવન અને કાર્ય''માં નોંધે છે તેમ,

''શ્રીમોટા એક જ વાત કરે છે-મારે સમાજને બેઠો કરવો છે. **ઈશ્વરની ગુણશક્તિ જો પ્રજામાં ન જાગે તો ધર્મ ટકી શકે નહિ. આપણે સૌ કોઈ સમાજ પ્રત્યેનો ધર્મ ચૂક્યા છીએ. ધર્માચાર્યોએ અને સાધુઓએ સમાજને સાચી વાત કહી નથી. એની સમાજ પર માઠી અસર થઈ છે. માત્ર આશીર્વાદથી કામ સરી જવાની ભાવનાથી સમાજ લૂલો થઈ ગયો છે.** પણ રેડિયોની માફક એને પકડનાર કોણ છે ? **આ મોજાં પકડવા માટે આપણે ઈશ્વરાભિમુખ થવું જોઈએ,** જ્યારે સમાજ જાગશે ત્યારે આ કાર્ય થશે.''.........

શ્રીમોટાના મતે વર્તમાન **ધાર્મિક નેતાઓની સંકુચિતતાને પરિણામે સમાજ અંધશ્રદ્ધા અને કુરૂઢિઓનો શિકાર બન્યો છે. બલ્કે અકર્મણ્યતા વધી છે. આપણે ઈશ્વર જેવા ગુણી બનીએ તો જ ધર્મ વિસ્તરે, સમાજ જાગૃત થાય.** એ માટે શ્રીમોટાએ હરિઃૐ આશ્રમો દ્વારા ગુણભાવ વિકાસ યોજનાઓ રજૂ કરીને યુવાનોમાં સાહસ, પરાક્રમ, શૌર્ય, હિંમત, ખમીર, ધીરજ, માનવતા, સહનશીલતા જેવા ગુણો વિકસે અને એ ગુણો થકી યુવાનોનું જીવન ઉન્નત બને એવી વિવિધ કૌશલ્યલક્ષી તેમજ મનના ખોરાક માટેની સાહિત્ય સંશોધન સર્જનની પ્રવૃત્તિઓનો તેઓશ્રીએ આરંભ કર્યો. **તેઓ હંમેશાં આવા સમારંભમાં કહેતા કે મારા ગુરુજીના તેમજ મારા અંતરના આદેશ પ્રમાણે મારે સમાજને બેઠો કરવો છે. આવા મહાન ધ્યેયની ભૂમિકા સાથે તેઓશ્રીનું આ કાર્ય ઈ.સ. ૧૯૬૨ થી ૧૯૭૫ના અરસામાં પરિણત થયું હતું.**

શ્રીમોટા આ ચાર ઉત્સવો સિવાય અન્યત્ર કોઈ સંસ્થા કે સમાજ નિમંત્રે તો અવશ્ય જતા પણ ત્યાં પણ તેમની પહેલી શરત દાન પેટે નાણાં પ્રાપ્તિની તો જરૂર રહેતી જ. જો કે આવાં કાર્યો માટે તેઓશ્રી ના છૂટકે જ જવા માટે સંમતિ આપતા.

**આ ઉત્સવોમાં પણ ખોટાં ખર્ચા, ભપકો, દંભ, બાહ્યાડંબરને સ્થાન ન હતું. વળી ગતાનુગતિ રૂઢિગત ખ્યાલોને પણ તેઓશ્રી વળગી ન રહેતા. એ રીતે પણ આવા ઉત્સવો લોકોને માટે પ્રેરક બોધપાઠ પૂરો પાડનારા બની રહેતા. આવા ઉત્સવો દ્વારા શ્રીમોટા નિર્દંભતા, નીડરતા, પ્રામાણિકતા, સમયપાલન, સાદાઈ, કર્મઠતા જેવા ગુણોના નિદર્શન પાઠ રજૂ કરતા એમ સંશોધકને લાગે છે.**

[શ્રીમોટાનું શિક્ષણદર્શન પ્ર. આ.ા ૧૭૧-૧૭૪]

## ૮. આશ્રમમાં આવવાનો હેતુ - શ્રીમોટા

**મનુષ્યે મનુષ્ય તરીકે જીવવું જોઈએ તેનું પણ તેને ભાન નથી. એકબીજાના અવગુણો ન જોવા. દેખાય તો મનમાં સંઘરવા નહિ. સુમેળથી રહેવું. રાગદ્વેષ મોળા પાડવા. કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, કામના, તૃષ્ણા, લોલુપતા વગેરે મોળાં પાડવાં, પણ આવું તો કોઈ કરતું નથી. જો આ પ્રમાણે થાય તો જ તે ગૌરવ પમાડે. આપણે આ દષ્ટિએ બુદ્ધિથી વિચારીએ તો પશુયોનિ કરતાં પણ આપણે ખરાબ છીએ. આ માનવ શરીર મળ્યું છે એનું ભાન જાગે એટલા માટે તમને બધાંને કહેવાનું છે કે અહીં આવીએ ત્યારે આપણા મનમાં જીવનની ઉચ્ચતાનો સવાલ લઈને આવીએ.** આજે મંગળવારે પ્રાર્થનાના દિવસે પણ આપણે એની એ જ વાત લઈને ના આવીએ. **મનુષ્યજીવન વિષેનો વિચાર કરવાનો ના હોય તો અહીં આવવાનો કશો અર્થ નથી. સંસાર-વ્યવહારમાં પારબ્ધયોગે જે કોઈ મળે એના જીવનને ભાવનામાં ઊંચે પ્રકટાવવાનો આ સ્થાને મળવાનો હેતુ છે.** એટલા ખાતર શ્રીગુરુમહારાજની કૃપાથી આ આશ્રમ કર્યો છે. હું તમારો સંબંધ ઇચ્છું ખરો પણ તમારે પળભર ચસવું ન હોય, કે તમારામાં જરા સરખો પણ ફેરફાર થવા દેવો ન હોય તો એવા સંબંધની જરૂર નથી. એના કરતાં મારે ભગવાન સાથેનો સંબંધ સારો છે. તમારે રાગદ્વેષના કૂંડાળામાં પડ્યા રહેવું હોય તો મારી સાથેના સંબંધનો કશો અર્થ નથી.

કોઈ કહેશે કે આવું કહેશો તો પછી આશ્રમ કેવી રીતે ચાલશે ? તો આ મારું જીવન એના ઉપર નથી. **આશ્રમ નહિ ચાલે તો અમે બંધ કરી દઈશું. માટે તમે એ વિષે વિચારશો નહિ. પણ અહીં આવવા ઘેરથી નીકળો અને પાછા ઘેર પહોંચો ત્યાં સુધી એક જ ભાવમાં રહો.** લોકો તો મંદિરમાં દર્શન કરવા જાય ત્યારે અલકમલકની વાતો કરતાં જાય. એ રીતે વાતો કરતાં આવવાનો કશો અર્થ નથી. એના કરતાં નહિ આવો તો વધારે સારું. **નથી ભગવાનનું નામ લેવું અને નથી સ્વભાવ બદલવો, સંસારમાં એકબીજા માટે જતું કરવાની સહનશક્તિ નથી કેળવવી તો પછી અહીં આવવાનો કશો અર્થ નથી.**

કોકને થશે કે મોટા પહેલાં તો બહુ બોલતા નહોતા, પણ હવે તો બહુ ઝાડે છે. પહેલાં તો હું પરિચય કેળવતો હતો. મેં તો લોકોની વચ્ચે રહીને ભગવાનની ભક્તિ કરી છે. **તમે બધાં મળેલાં છો તો તમે ઊંચા આવો એમાં મારો સ્વાર્થ છે. મારે મારી શક્તિ વેડફી નાંખવી નથી. ભાવનાથી ઊંચે આવવાનું કરો તો સંબંધ રાખવો છે. આ તો ''અમે કહીએ ત્યારે તમે ખપમાં આવો, પણ તમે કહો ત્યારે હું ખપમાં નહિ લાગું''** આવા એકમાર્ગી વ્યવહારની અમારે જરૂર નથી. તમે ઊંચા આવો તો અમે તમને ભગવાનની કૃપાથી મદદ કરી શકીએ. પણ ખરડાયેલા રહો તો મારે સંબંધની જરૂર નથી. અમારો ભગવાન અમને મદદ કરશે.

**અમારે કશો સ્વાર્થ નથી. માત્ર તમારા ખપમાં આવવું છે, પણ તમારે પ્રયત્ન કરવો પડશે. અમે તો અમારું જીવન સર્વસ્વ રીતે અને સર્વભાવે સમર્પણ કરીને આપી દીધું છે; છતાં અહર્નિશ એમ લાગ્યા કરે છે કે ભગવાનને આપ્યા કરીએ. સમર્પણનો ક્યારેય અંત નથી. મને આટલાથી સંતોષ નથી. તમારી પાસે પણ સમર્પણ કરાવી-કરાવીને**

**ભગવાનના ચરણકમળે તમારી ભેટ આપવાની છે. એમ થાય તો અમારું જીવન સફળ થાય.**

માટે મનુષ્યજીવન શેના માટે છે એ સમજો. **કડવાશ છોડો. બીજાની નિંદા કરવાનું છોડો. અવગુણો જોવાની દૃષ્ટિ છોડો. એકબીજાના દુઃખમાં કેવી રીતે મદદમાં આવી શકાય એ જુઓ. એકબીજાના જીવનમાં મોકળાશ પ્રગટે એ જુઓ અને આમ કરતાં કરતાં ભગવાનનું નામ લઈએ તો ભગવાનની કૃપા તો છે જ.** તે તો સદા-સર્વદા વિકસેલી છે. ફૂલ બાગમાં હોય છે એની સુવાસ ચોમેરે પ્રસરે છે. તેમ મનુષ્ય સમાજમાં અનંત પ્રકારની ભાવનાથી પ્રકાશી રહેલા આત્માઓની સુવાસ પ્રકટેલી છે. એવા લોકોના જીવન દ્વારા ભગવાનની કૃપા પ્રસરે છે એનું ભાન આપણને જાગતું નથી.

**''મોટા''ના સંબંધમાં આવ્યા છો તો વિચારો. કોરા ને કોરા ના રહેશો.** મારી તો ઉત્કટતાવાળી તત્પરતાવાળી તૈયારી છે. બુદ્ધિથી વિચારીને નહિ પણ ભગવાનની પ્રાર્થના કરીને મદદમાં આવવા પ્રયત્ન કરું છું. મારા દિલમાં તો તમને ઉપયોગમાં આવવા માટેની ખરેખરી ઝંખના છે પણ એ સાથે ભાવનાથી કરીને ઊંચે આવવાની તમારી પણ તૈયારી જોઈએ.

**જીવનમાં એકબીજા સાથે જતું કરીને પણ સદ્‌ભાવ સુમેળ પ્રકટાવીને જીવીએ. બીજા વિષે ઓછી વાતો થાય એમ કરીએ. આપણા ઘરમાં - કુટુંબમાં એકબીજાના દોષોની વાતો ન કરીએ.** આટલું પણ કરવાની ટેવ પાડીએ તોય પૂરતું છે. નહિતર ટાઢમાં અહીં આવવાનો અર્થ નથી. મનુષ્યજીવન દોહ્યલું છે. આપણાથી બની શકે તો રાગદ્વેષ મોળા પાડીએ. **કોઈના કદાચ અવગુણ જોવાઈ જાય તોપણ આપણે બદબોઈ ના કરીએ. આટલું કરીએ તોય, મને લાગે છે કે ઘણું કર્યું છે. આમ કરશો તો ભગવાન ગરુડે ચઢીને વહારે ધાશે. નહિ તો પ્રભુ મદદ નહિ કરે.**

''મૌનમંદિરનો મર્મ'' તા. ૩૧-૧૦-'૬૧
આ. પહેલી, પૃ. ૧૬ થી ૨૦

## ગુરુચાવી

''અમારું કામ કરતાં રહેજો. કોઈનુંયે કામ કરવાથી તેનું દિલ આપણામાં રહે છે ને તેનો હેતુ આપણે સમજવો ઘટે. પ્રભુકૃપાથી અમે તો જેનો તેનો ઉપયોગ કરવાનું સમજીએ છીએ. મફતમાં મેળવેલું જ્ઞાન પણ ટકતું નથી. જેની કનેથી મેળવવું હોય તેનું જ્ઞાનભક્તિપૂર્વકનું કામ કરીશું તો તે ઉત્તમ છે. મફતનું મળેલું કશું ટકતું નથી. માટે અમારી કનેથી કંઈ કશું મેળવવું હોય તો અમારું કામ કરવાની દાનત પ્રકટાવજો. મફતમાં આ 'જીવ' માનતો નથી. **દિલની દાનત અનુભવવાને કાજે બતાવેલું કામ એ એક ગુરુચાવી જેવું છે.** બતાવેલાં કામમાં અને એને પૂરું પાર ઉતારવામાં મનમાં કેવી વૃત્તિઓ ઊઠે છે તે સમજવાથી દરેકને પોતપોતાનું સમજાઈ જતું હોય છે.

— શ્રીમોટા

'પગલે પગલે પ્રકાશ'
પ્રથમ આવૃત્તિ, પૃ. ૬૭

## ૯. લાગણી અને ભાવના - શ્રીમોટા

લાગણી અને ભાવના બે જુદી વસ્તુ છે. **લાગણી એ જીવદશાની સ્થિતિમાંથી પ્રગટતી વૃત્તિ છે, જ્યારે ભાવના એ જીવદશાની સ્થિતિને ઉચ્ચતર કક્ષામાં પ્રગટાવવાનું સાધન છે અથવા તો તે પરત્વે પ્રેરાવનાર સાધન પણ છે.** એટલે લાગણી જ્યારે પ્રગટે ત્યારે તેમાં તણાઈ ના જતાં તેનો પણ ઉપયોગ સ્મરણ, પ્રાર્થના કે ભજનમાં કર્યા કરવો.

**પાપનું પ્રક્ષાલન**

તમને ધ્યાનમાં હરિનો અર્થ સૂઝ્યો કે **'પાપને હરનાર તે હરિ'.** એ અર્થના ભાવનું પારાયણ ધ્યાનમાં કે સ્મરણમાં કરવાનું નથી. બીજા કોઈ વખતમાં જરૂર કરી શકાય. ધ્યાનમાં અને સ્મરણમાં તેમ ના કરવાનું કહું છું, તેનું કારણ તો એ કે 'હરિ'નો એકલો એકમાત્ર તે જ ગુણ છે એવું કશું નથી. આથી કરીને તમે જે હરિનો ભાવાર્થ લખ્યો છે તેવા ભાવની ધારણા સ્મરણમાં રાખ્યા કરીએ તો હરિના તત્ત્વને સંકુચિત અર્થમાં લઈ લીધું ગણાય. **આપણે આપણાં પાપને 'હે હરિ ! તું હરી લે,' એવી પ્રાર્થના કરીએ તે પણ યોગ્ય નથી, કારણ કે એ પોતે કર્મને પ્રેરનાર કારણ છે, કર્મ પણ છે, કર્મનો કાયદો પણ છે અને કર્મનું પરિણામ પણ છે.** અને જો આ સમજણ સાચી હોય તો આપણે કંઈ કશાથી ભાગી છૂટવાનું કરીએ અથવા તો તેનાથી બચી જવાને માટે પ્રાર્થના કરીએ, તો તેમ બની શકતું હોતું નથી. તેવાં તેવાં કર્મને redeem થયા કરવાને માટે-કર્મનું પ્રક્ષાલન થવાને માટે—સંપૂર્ણ સમતાથી, શાંતિથી, પ્રસન્નતાથી તે તે કર્મને સ્વીકારી પ્રેમભાવે ઉમળકાથી તે વેદ્યા (પ્રેમ ભક્તિભાવે પ્રભુની પ્રસાદી સમજી તે અંતરમાં અંતરથી સ્વીકારી લઈએ) કરીએ તો તેનું પ્રક્ષાલન આપમેળે પૂરેપૂરું થઈ જાય છે.

**બીજાનું ના જોવું અને અંતર્મુખ થવું**

આ જીવ પ્રતિ ભાવ આવે છે, એનાથી લાગણી, ઊર્મિ તો સ્ફુરે છે, પરંતુ એને dissipate-વેરવિખેર કરી દેવાય છે. માટે, તમને લખ્યું છે, કે તમારે માત્ર સ્મરણભાવ ઉપર ધ્યાન રાખ્યા કરવાનું છે. બીજાનું જોયા કરવાની ટેવને સદંતર છોડી દો. નહીંતર જાતે દુઃખી થયા કરશો. 'આપણે નાલાયક નીવડ્યાં' એવા ખોટા ખ્યાલો દોડાવવાના હોય નહીં. ઊલટું એવા પ્રકારની લઘુતાગ્રંથિ (inferiority complex)માંથી મુક્ત થવાનું છે. આવી લઘુતાગ્રંથિ ઊપજવાનાં જુદાં જુદાં ઘણાં કારણો હોઈ શકે છે. બીજાથી સાધનામાં સાધન સારી રીતે થઈ શકે છે. એવી રીતે બીજાનું જોયા કરવાની ટેવમાંથી આપણામાં 'લઘુતાગ્રંથિ' પ્રગટવાની શક્યતા છે. આપણામાં પણ ચેતનવંતી પ્રાણવાન શક્તિ પ્રગટે, તો આપણે પણ તેમ કરવાને સમર્થ છીએ, એવી ઇચ્છાશક્તિને સબળ કરવાની છે. દ્વિધાપણું આપણે નહીં છોડી શકીએ તો આપણને તે કોણ છોડાવી શકવાનું છે ? હજી આપણને કોઈક અમુકના જેવા થવાની લાલસા થયા કરે છે, એને તો સમૂળગી ફગાવી દેવી પડશે. આપણે જે છીએ તેમાંથી જ દિલમાંનું ચેતનવંતુ એક જન્મવાનું અને થવાનું છે. માટે બીજા શું કે કેટલું કરે છે કે કરી શકે છે, એવા વિચાર કર્યા કરી આપણે નાસીપાસ થવાનું નથી. વળી, માત્ર બહાર દેખાતા સાધનાના પ્રયત્નોથી તે માનવીની અંદરની સાધનાનું માપ ના કઢાય, તેમ તેની કક્ષાનું માપ પણ આપણાથી કાઢી શકાવાનું નથી. આપણે તે કાઢવા કે માપવા જઈએ, તો તેથી કરીને આપણને પોતાને જ અન્યાય પણ કરી બેસીએ અને તેનાથી કરી ગ્લાનિ કે નિરાશા ઊપજવાની. બીજા પરત્વેનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ આપણે તો સમજી સમજીને અંતર્મુખતા કેળવવામાં વાળ્યાં કરવાનાં છે. પોતે જેમ જ્યાં ઊભા હોય, ત્યાંથી આગળ જવાના હેતુથી પોતાના જ દોષોનું નિરીક્ષણ કર્યા કરી તેમાંથી મુક્ત થવાવા સારું આપણે તે પ્રકારના પ્રયત્નની સાથે પ્રાર્થનાનાં સાધનનો પણ ઉપયોગ કરવાનો છે.

**જીવનદર્શન, આ. અગિયાર; પૃ. ૧૨૬, ૧૩૯**

# ૧૦. ભાવ એટલે શું ? - શ્રીમોટા

**'શબ્દમાં શબ્દથી એને વર્ણવી ના શકાય છે,**
**અક્ષરાતીત છે ભાવ, અંતરે પરખાય છે.'**

**જીવદશામાં - એટલે રાગદ્વેષ વગેરે લાગણીના અનુભવને આપણે ભાવ સમજીએ છીએ. માટે જે અર્થમાં શ્રીમોટા 'ભાવ' શબ્દ વાપરે છે એમાં આપણી સમજનો ગજ પહોંચે એવો નથી. કેમકે એ ભાવ તો અનુભવ દશાનો શબ્દ છે.** તેમ છતાં આપણી હાલની અવસ્થાથી એ 'ભાવ' શબ્દનો અર્થભાવ સમજવા મથીએ.

આપણી લાગણી જુદા જુદા સંબંધમાં જુદી જુદી રીતે વ્યક્ત થાય છે. એવા સંબંધથી અનુભવાતી લાગણીને આપણે જુદા જુદા નામ આપીએ છીએ, વાત્સલ્યભાવ, દામ્પત્યભાવ, ભ્રાતૃભાવ, ભગિનીભાવ વગેરે. આવા સંબંધોમાં અનુભવાતી અને વ્યક્ત લાગણીઓની સાથે આશા-અપેક્ષા જોડાયેલી જ હોય છે. સંસારના બધા જ સંબંધોની લાગણી સાથે એક કે બીજી રીતે કશાને કશા પ્રકારની માગણી જોડાઈ જાય છે. એવી માગણી સંતોષાય છે તો તેવા સંબંધોમાં રાગ-મોહ જન્મે છે અને જો એ સંતોષાય નહિ તો ક્લેશ, ઘર્ષણ, ટંટો, અશાંતિ જન્મે છે અને એમાંથી વેરભાવ પણ જન્મે છે.

સંસારી સંબંધોમાં વહેતી લાગણીમાં ત્યાગ અને સમર્પણ જેવા ઉચ્ચભાવ સંકળાય છે ખરા, પરંતુ એવાં ત્યાગ, બલિદાન કે સમર્પણ પાછળ કોઈ ને કોઈ પ્રકારની લાલસા કે સ્વાર્થ જ હોય છે. **કયારેક તો બેળે બેળે કે ક્લેશ-કંકાસના ભયથી ત્યાગ-સમર્પણ થાય છે. આથી આવાં ત્યાગ, સમર્પણ કે બલિદાન જેવી ક્રિયાથી જીવનનો વિકાસ થતો નથી.** આથી શ્રીમોટાએ સંસારી સંબંધોમાંથી જન્મતી લાગણીઓને જ્ઞાનપૂર્વક તપસ્યાથી રૂપાંતરિત કરીને પ્રેમભાવમાં લાવવાના માર્ગ દર્શાવ્યા છે. સંસાર વ્યવહારમાં પરાણે ત્યાગ કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે ત્યાગ થવા દેવો એ આપણો ધર્મ છે અને આ જે કંઈ છે તે આપવાથી આપણી એના પરની પકડ કે માલિકીભાવ ત્યાગ છે એવો ભાવ ધારણ કરવો જોઈએ. **એ જ રીતે જન્મને લીધે થયેલા પિતા, પુત્ર, કાકા, મામા, ફોઈ, માસી, બહેન-બનેવી જેવા સંબંધોમાં, તથા જીવન દરમિયાન નીપજેલા પતિ, પત્ની, સાસુ-વહુ જેવા અન્ય સંબંધીઓ સાથે જે તે પ્રકારના સંબંધોને લીધે જન્મતો ભાવ વીસરીને એમ બધામાં પ્રભુભાવનું આરોપણ કરવું જોઈએ. અને આ સર્વ સંબંધોમાં જે પ્રકારની લાગણી ઉદ્ભવે એને જ્ઞાનપૂર્વક જોગવીને પ્રેમભાવમાં ફેરવવી જોઈએ.** આ માટે દરેક સંબંધને એની મર્યાદામાં જ રાખવો જોઈએ. એક સંબંધ પર બીજા સંબંધનો ભાવ આરોપવો ન જોઈએ. **જે 'મળેલાં' છે એટલાં બધાં સાથે આપણા દિલમાં 'સદ્ભાવ'** ઉગાડવા **પ્રભુકૃપાથી મથવું જોઈએ એમ શ્રીમોટાએ સમજાવ્યું છે. સદ્ભાવમાં જીવદશાની લાગણી (માગણી અને આશા અપેક્ષાના ભાવવાળી લાગણી) નહિ તેમ જ અભાવ (ઉપેક્ષાવૃત્તિ-અવગણના) પણ નહિ હોવાં જોઈએ.** આપણે વ્યવહારમાં બોલીએ છીએ કે 'આ જન્મ પૂરતા આ લેણ-દેણના સંબંધો છે. એનું તાત્પર્ય આ જ છે. સંબંધથી જે આપણને મળે છે લાગણી, પૈસા, હૂંફ કે તિરસ્કાર, ધિક્કાર અને અપમાન આપણું લેણું મળે છે એમ માનીને કશી પ્રતિક્રિયા વિના સ્વીકારવાં જોઈએ. અને જે કાંઈ આપવાનું-ચૂકવવાનું આવે તે પણ ઋણમુકિતના ભાવથી ચૂકવીને સદ્ભાવ રળી લેવો જોઈએ. આ પ્રકારની સંબંધની લાગણીઓના હિસાબો ચૂકતે કરીને એ અંગે આવી મળેલા તપને જોગવીને તેજસ્વી થતા રહેવું જોઈએ.

આવાં 'મળેલાં' ઉપરાંત બહારના સંબંધો પણ હોય છે. નોકરી, વેપાર, ધંધા, પડોશ તથા અન્ય

મિત્રો વગેરે. આ સંબંધોમાં પણ મોહ ન વધે એની કાળજી રાખવી જોઈએ. આ બધામાં પ્રભુ રહેલો છે એમ ધારીને પ્રેમભાવ દઢાવવો જોઈએ.

**આમ જ્યારે સ્વાર્થ, આશા, ઈચ્છા, માગણી, આગ્રહ, હઠાગ્રહ વગેરે વ્યવહારમાંથી દૂર થઈને, ત્યાગ, સમર્પણ, બલિદાન, ફનાગીરીનો આનંદ અનુભવાય ત્યારે પ્રેમભાવ ઉદ્‌ભવ્યો કહેવાય. એવી 'લાગણી'ને 'પ્રેમ'ના નામે ઓળખાય. એથી પણ ઊંચી અવસ્થા છે જયાંથી આવો પ્રેમ ઉદ્‌ભવે છે. એ અવસ્થા 'ભાવ' છે. શ્રીમોટા આવા ભાવની વાત કરે છે.**

પ્રેમમાં શુદ્ધ પ્રકૃતિનું રૂપ હોય છે. સાત્ત્વિકતાના ગુણવાળી પ્રકૃતિથી જ ત્યાગ સમર્પણ બની શકે. આટલા અર્થમાં પ્રેમનો સંબંધ પ્રકૃતિ સાથે છે. **પ્રેમ હંમેશાં નિરપેક્ષ છે. જે પ્રેમ બદલામાં પ્રેમ પણ ઈચ્છે તો એ શુદ્ધ પ્રેમ નથી. પ્રભુ પ્રેમ નથી. પ્રેમની અવસ્થા આપણને પ્રભુ સાથેના જોડાણનું અથવા તો સેતુનું કાર્ય કરે છે. આવો પ્રેમ જ પ્રભુનું નૈવેધ છે. પ્રેમ આવી અવસ્થામાં એકમાર્ગી બનીને વહ્યે જાય છે.**

પ્રેમ સ્વયં વિરહની-વિયોગની શુદ્ધ તપસ્યા કરે છે. અને પ્રકૃતિના ત્રણેય ગુણોથી પરની અવસ્થાનો અનુભવ કરે છે, ત્યાં અંતરમાં આપમેળે જે અનુભવાય છે એ 'ભાવ' છે. (૫) આવા ભાવના અનુભવ માટે શ્રીમોટાએ દર્શાવેલાં સાધનોનો **નિરંતર અભ્યાસ** અનિવાર્ય છે. (૨૨) જ્યારે ભાવનો અનુભવ થાય છે ત્યારે વિચાર, વૃત્તિ કે લાગણી મુદ્દલે ટકતાં નથી. આથી ભાવમાં કેવળ સક્રિયતા હોય છે એમ સમજવાનું નથી. પરંતુ હૃદયમાં જાગેલા આવા ભાવથી જ ચેતના-સ્પર્શ થાય છે. એ જ ભાવની સક્રિયતા છે. ચેતના એટલે ચેતનની શક્તિ-મતલબ કે સર્વશક્તિમત્તા, સમર્થતા અને જ્ઞાન (૨૬) એ પછી ભાવની પણ કક્ષા બદલાય છે. ચેતનાશક્તિ અવ્યક્ત છે. ચેતના પણ ભાવરૂપે એ વ્યક્ત થાય છે. ભાવ એ ચેતનાના વ્યક્તરૂપનું પરિણામ છે એમ અનુભવાય છે. આવા પરિણામરૂપે અંતરમાં જ અનુભવાતો ભાવ એ કક્ષા ભેદે પહેલા ભાવ કરતાં ચડિયાતો છે. પહેલી કક્ષામાં અનુભવાયેલો ભાવ ચેતના-સ્પર્શ કરાવે છે. અને પછી ઊર્ધ્વકક્ષામાં રૂપાંતર પામેલો ભાવ ચેતનાની વ્યક્તતાનું પરિણામ બને છે. આવા ભાવથીય ઉચ્ચ કક્ષાના ભાવમાં શૂન્યતાસભર છે. (૩૯) આવો ભાવ એ સદ્‌ગુરુ બને છે. (૩૪) **શ્રીમોટાએ વારંવાર કહ્યું છે શ્રીસદ્‌ગુરુ એ શરીર નથી પરંતુ એ તો ભાવ છે. એ આ કક્ષાના ભાવ માટે કહ્યું છે.**

**આમ હોવા છતાંય ભાવ એ આત્મા સ્વયં નથી.. એ ખાસ ધ્યાન રાખવાનું છે.** જે પોતાનામાં 'પોતા'ની પિછાણ પામ્યો છે, તેવો જીવાત્મા 'ભાવ'ને 'સ્વરૂપ'થી આત્માના પૂર્ણ પ્રતિબિંબ રૂપે પ્રમાણે છે. (૩૫) **એથી જે આત્માનો અનુભવી છે, પરમાત્મારૂપ છે એ આવા પૂર્ણ પ્રતિબિંબ સ્વરૂપથી - ભાવથી પોતાને નિમિત્તયોગ મળેલાં જીવોને અકળ રીતે ઈશ્વરાભિમુખ બનાવવા સમર્થ હોય છે.**

આપણે વ્યવહારજીવનમાં રહીને પ્રભુભાવ તરફ ગતિ કરી શકીએ એ માટે શ્રીમોટાએ માર્ગદર્શન આપ્યું છે. સાધનાભ્યાસમાં વળગી રહેવા ઉપરાંત ભાવને સાકાર કરવો - મતલબ કે આપણા જીવનવ્યવહારમાં એની પ્રતિષ્ઠા કરવી એ બહુ જ મહત્ત્વનું છે. આથી શ્રીમોટાએ કર્મની અગત્ય દર્શાવી છે. **આપણે મળેલાં કર્મ આચરતી વખતે જાગૃતિ ધારણ કરીને 'પ્રભુ-પ્રીત્યર્થે'નો ભાવ નીતારવો.** સ્વભાવવશ થઈને મતલબ કે બુદ્ધિના ફાંકાથી કે હું જ આ કર્મને પાર પાડી શકીશ એવા અહંકારથી કર્મ ન કરવાં. આમેય કર્મ આપણામાં જાગેલી પ્રભુશક્તિથી જ થયે જાય છે. આપણે અહંકાર કરીને કર્મને તથા આપણા આંતરિક જીવનને દૂષિત કરીએ છીએ. **આથી આપણને મળેલું કર્મ આવી શુદ્ધવૃત્તિથી-મતલબ કે પ્રભુની શક્તિથી જ થાય છે એમ સ્વીકારીને - કેવળ પ્રભુભાવથી એટલે કે હું**

**કર્મનો કર્તા છું જ નહિ એમ દઢાવીને કર્મ કરવાથી એ કર્મ યજ્ઞ બને છે. કેમકે એમાં કર્મ આચરતાં આપણાં મનનાં દ્વંદ્વબુદ્ધિની યુક્તિ-પ્રયુકિત અને અહંકારયુક્ત શક્તિ એમાં હોમાઈ જાય છે. આથી કર્મ પ્રકૃતિથી થતાં હોવા છતાં મોખરે પ્રભુભાવ ભજવાય છે. પરિણામે કર્મ દ્વારા પ્રભુશક્તિની પ્રતિષ્ઠા થાય છે. આથી જ આવાં કર્મને શ્રીમોટાએ ભક્તિ તરીકે ઓળખાવી છે. કેમકે આવાં કર્મમાં કર્તાપણાની આસકિત નથી. એથી આવા ભાવથી થતાં કર્મ પ્રભુનું ભજન બને છે.** (૫૦-૫૩)

જ્યારે હૃદયમાં ભાવ પ્રવર્તે ત્યારે કેવાં લક્ષણો અનુભવાય એનું વર્ણન કરતાં શ્રીમોટાએ લખ્યું છે કે - **'પ્રવર્તતાં હૃદે ભાવ જેમાં તેમાં બધાં વિષે પૂર્ણતાનો ઊંડો ઊંડો આસ્વાદ દિલ લાગશે.** (૩૬) **જેમાં તેમાં બધાં વિષે, હો કદરૂપું છો ભલે છતાં સૌંદર્ય કેવું ત્યાં ભર્યું ભર્યું જ લાગશે !** (૩૭) **નરી પ્રસન્નતા પૂર્ણ સૌ વ્યવહારમાં જગે, ભાવ હોવા તણો એવો પ્રભાવ ને પ્રતાપ છે !** (૩૮)

તા. ૧૬-૫-૯૬

● ● ●

**પૂર્તિ :**

શ્રીમોટાએ કોઈ પણ પ્રકારની ક્રિયા કે સાધન અભ્યાસ પૂર્વે હેતુની સ્પષ્ટતા તથા ક્રિયા કે સાધનાભ્યાસ દરમિયાન હેતુની સભાનતા રહે એ બાબતનું મહત્ત્વ વારંવાર સમજાવ્યું છે. હવે જ્યારે 'ભાવ'નો અનુભવ થાય છે ત્યારે એની ગતિ તથા શક્તિ પ્રત્યેની સભાનતા રહે છે ખરી; પરંતુ આત્માની સર્વવ્યાપકતા કે સચરાચરપણું કે સર્વસમર્થતાનું જ્ઞાન 'ભાવ'માં હોતું નથી. એ અર્થમાં 'ભાવ'માં જ્ઞાનનો ભાગ હોય છે એમ તેઓશ્રીએ કહ્યું છે.

પરંતુ ભાવમાં **'ભક્તિ પૂર્ણ'** હોય છે. **ભક્તિ એટલે આસક્તિ વિનાનું કર્મ. જે કર્મ નિરંહકારની ભૂમિકાથી થાય એટલે એમાં અનાસકિતનો ભાવ જ વ્યક્ત થતો અનુભવાય. આથી ભાવમાં પૂર્ણ ભક્તિ છે.** શ્રીમોટાની દષ્ટિએ કર્મનું મહત્ત્વ નથી, પરંતુ એ કર્મ આચરતાં કેવો ભાવ રહે છે એનું મહત્ત્વ છે. એથી કર્મ દરમિયાન અકર્તાપણાનો ભાવ રહે અને સાથે સાથે કર્મ દરમિયાન **'એ પ્રભુની શક્તિથી થાય છે અને એ રીતે પ્રભુ જ વ્યક્ત થાય છે' એવો ભાવ અનુભવાય એ ભક્તિ છે.**

આપણે જીવદશાની અજ્ઞાનાવસ્થામાં જેવો ભાવ કરીએ છીએ એ આપણા કર્મોના બીજ બને છે. **એ અર્થમાં ભાવથી કર્મ જન્મે છે. પરંતુ આપણે આપણા ભાગમાં આવેલું એ કર્મ આચરતી વખતે પ્રભુપ્રીત્યર્થનો ભાવ જાગ્રત રાખી શકીએ તો એ કર્મનું પરિણામ બંધનકર્તા બનતું નથી.** જ્યારે અનુભવી પુરુષના હૃદયમાંથી પ્રભુભાવ જ અવિરત વહેતો હોય છે. પરંતુ એ માત્ર એના નિમિત્તોને સ્પર્શે છે. અને એવા ભાવથી સૂક્ષ્મ કર્મ જન્મે છે. તેમ જ બીજાં દેખીતાં કર્મો પણ એ જ 'ભાવ'માંથી જન્મે છે. આથી જ પરમાત્માનુભવી શ્રીમોટાથી થયેલાં-પ્રેરાયેલાં કાર્ય પ્રભુભાવ જ જગાડનારાં બની રહે એ નિઃશંક છે.

આ અર્થમાં શ્રીમોટાએ ભાવને **'ત્રિવેણીરૂપે'** વર્ણવ્યો છે. (૪૧)

*ભાવમાં **જ્ઞાનનો** ભાગ, ભાવમાં **ભક્તિ પૂર્ણ** છે,*
*જન્મે છે **ભાવથી કર્મ**, ભાવ એવો ત્રિવેણી છે. (૪૧)*

સાધનામય જીવનની અનેક ઉચ્ચતર કક્ષાઓમાં 'ભાવ'નો પ્રકાર બદલાય છે. પરમાત્માનુભવની એક ઉચ્ચતર કક્ષામાં ભાવાતીત અવસ્થામાં અવાય છે. (૭૭) ભાવાતીત અવસ્થાને ઉચ્ચતમ સાક્ષીભાવમાં મ્હાલી પણ શકાય. (૭૨) પરમાત્માનું આ એક ગૌરીશિખર છે એમ શ્રીમોટાએ કહ્યું છે.

તા. ૧૯-૫-૯૬

(કૌંસમાં દર્શાવેલ સંખ્યા 'ભાવ' પુસ્તિકાના શ્લોકનો ક્રમાંક છે.)

## મનની ચકાસણી

મનને આવી બાબતમાં જ્ઞાનપૂર્વકના પ્રયોગમાં પણ કેટલીકવાર જાણીજોઈને ધકેલવાની જરૂર છે. પરંતુ તેમાં સંપૂર્ણ સાવચેત ને સાવધાન બનીને પૂરેપૂરી જાગૃતિ રાખવાની છે. પ્રસંગોથી કરીને તે પ્રસંગની વૃત્તિમાં મનની દોટ કેવી હોય છે, તેમાં તેનો રસ કેટલો હોય છે, તે જાણી સમજી લઈને તે પરત્વે આપણે નિરાસક્તિ કેળવવાની છે. જેમ જેમ તટસ્થતા, સમતા, સાક્ષીભાવ, શાંતિ, પ્રસન્નતા વગેરે વગેરે ગુણ કેળવાતા જશે, તેમ તેમ વૃત્તિનું ભટકવાપણું આપમેળે બંધ થવાનું છે તે નક્કી જાણશો. તટસ્થતા, સમતા કેળવાયાં ન હોય, તેવી દશામાં કદી પણ પ્રયોગ ન થઈ શકે.

## કર્મ દ્વારા મનની કેળવણી

કર્મથી કરીને અને પ્રસંગથી કરીને આપણું મન કેટલું કેળવાતું ગયું છે, તેની આપણને સમજણ પડતી જવાની. કશાથી ભોગવવાનું નથી. માત્ર દરેક પ્રવૃત્તિ કે પ્રસંગ આપણને વેગ આપે ને આપણા માર્ગમાં મદદરૂપ થઈ પડે તેવી રીતે તેનો ઉપયોગ કરી લેવા માટે તે મળેલો છે એવું અનુભવવાનું છે. શરૂઆતમાં તો એવી દૃષ્ટિ કેળવીને, કઈ રીતે તેમાંથી મદદ મળે તે શોધી કાઢવું. પ્રસંગમાં ને પ્રસંગથી મન અને વૃત્તિની કેળવણી કરવાનું આપણે જાગ્રત ભાન રાખવાનું છે.

## નરસિંહ મહેતાનો જીવનયોગ

સમાજમાં રૂઢિબંધનોની ગ્રંથિમાંથી તેવા તેવા પ્રસંગ મળે ત્યારે ભાવના કેળવવા અર્થે મુક્ત બનવાનું છે. કેવળ સમાજમાં રૂઢિબંધનો તોડી નાખવા ખાતર એટલે કે સમાજસુધારાના હેતુથી કશી કોઈ પ્રવૃત્તિ હવે કરવાની નથી. પ્રભુકૃપાથી તેવા પ્રસંગ સાંપડે તો રૂઢિનાં બંધન તોડતાં અચકાવું નહિ કે ગભરાવું નહિ એમ લખવાનો હેતુ છે. દા.ત., નરસિંહ મહેતાનો જીવનહેતુ સમાજને સુધારવાનો તો મુદ્દલે ન હતો. પરંતુ પરિસ્થિતિ એવી પ્રકટી કે હરિજન ભાઈઓએ ભજન કરવા આમંત્રણ આપ્યું, તો તે ત્યાં જતાં અચકાયા પણ નહિ, ને તે રૂઢિગ્રસ્ત જમાનાની જ્ઞાતિનો સમસમતો કોરડો પોતાના શરીર ઉપર શ્રીભગવાનની કૃપાપ્રસાદી તરીકે ઝીલ્યો ને સ્વીકાર્યો. તેવી રીતે વર્તવાથી સમાજને એક ચિરંજીવ જીવન—આદર્શ પોતે આપી ગયા. પ્રત્યક્ષ અસ્પૃશ્યતાનિવારણ ઉપરાંત તેનાથીયે કદાચ ચઢે એવો જીવનયોગની ભાવનાનો પ્રસંગ આપણી આગળ તે મૂકતા ગયા. રૂઢિનાં બંધનમાંથી મુક્ત થવાનું છે તે તો આપણી ભાવના તેજસ્વીપણે પ્રકટે તે માટે અને જીવનનું ખમીર તે રીતે સંજોગના વર્તનમાં પ્રકટે તેવા હેતુથી.

## સ્થૂળ પ્રકૃતિના હુમલા

ધ્યાન વખતે મળમૂત્ર કરવાની વૃત્તિ જોરદાર પ્રકટે છે ને ધ્યાનમાં ખલેલ પડાવવાને મથે છે, તો તે મચક આપશો નહિ.એથી કરીને શરીર બગડશે એમ કદી માનવાની જરૂર નથી. સ્મશાનમાં કલાકોના કલાક સ્થિર બેસી રહેવા છતાં શરીરે કશું બગડ્યું નથી એવો આ જીવ નો અનુભવ છે.

## ત્રાટક

ત્રાટકમાં આંખ મીંચાવા દેવાની કે પાંપણ ફરકવા દેવાની નથી. જ્યારે એવું થાય ત્યારે તે બંધ કરી દેવું. પરંતુ સમયનો નિર્ધાર તેમાં જળવાય ત્યારે તે યોગ્ય પ્રકારનું છે એમ ગણાય. ગમે ત્યારે ગમે તેમ તે મૂકી ન દઈ શકાય. **ત્રાટકથી મક્કમતા કેળવાય છે, નિશ્ચયબળ કેળવાય છે; અને દઢાત્મક ને નિશ્ચયાત્મક ભાવ પ્રકટાવવાને માટે ને એકમાંજ સ્થિરતાથી વળગી રહેવા માટેનું બળ કેળવવાને માટે ત્રાટકનું સાધન યોગ્ય છે.**

('જીવનસંશોધન', ત્રીજી આ., પૃ. ૨૦૨,૨૧૩,૨૧૫,૨૧૮)

## ૧૨. સાધકનો આદર્શ અને ધ્યેય - શ્રીમોટા

### સાધકનો આદર્શ

સાધકના ધ્યેયના આદર્શનું આકર્ષણ એક બાજુ થતું રહે છે, એનો જાદુભર્યો સ્પર્શ દિલમાં ઓર પ્રકારની તાજગી, નૂતન થનગનાટ પ્રગટાવે છે ને એના ભાવને લીધે નૂતન જીવન પ્રેરાયા કરતું હોય છે અને તે સાથે સાથે પોતાની પ્રકૃતિ અનેક પ્રકારની સૂક્ષ્મ રમતો એને પાછો પાડવાને કારણે રમ્યા કરતી હોય છે.

જીવનવિકાસનો માર્ગ જેટલો કઠોર ને તપશ્ચર્યાભર્યો હોય છે, તેવો બીજો કોઈ નહિ હોય. પરંતુ તે સાથે એનું ખેંચાણ પણ દિલને હચમચાવી, મુગ્ધ ને સ્નિગ્ધ કરી નાખે તેવું છે. દિલના થનગનાટ, તનમનાટ, તરવરાટ વગેરે એને કોઈ પણ એકની એક પ્રકારની સ્થિતિચુસ્ત દશામાં પડી રહેવા દઈ શકતાં નથી. એને કંઈક આડુંઅવળું થતાં ચેન પડી શકતું નથી. એની સાથે ઝનૂનથી ને દિલથી સંગ્રામમાં ઊતરે છે, એને હરાવ્યા વિના દિલમાં એને જંપ વળતો નથી. એમ કરતાં કરતાં કદાચ તે હારે છે. તો તે માથે હાથ દઈને પડી રહી શકતો નથી. વારંવાર એના પ્રયત્ન (એના માર્ગ પરત્વેના આરોહણની દશામાં) સતત ચાલુ રહ્યા કરતા જ હોય છે.

જેમ જેમ સાધકની આવી જાગૃતિ જીવતી થતી જાય છે ને એમાં ચેતન પ્રગટતું જતું હોય છે, તે પછી આવાં યુદ્ધોના આકાર-પ્રકાર પણ બદલાતાં રહે છે. જે સાધકજીવને આદર્શના શિખરે પહોંચવાની ઉત્કટ તમન્ના જાગે છે તે ટૂંટિયું વાળીને કદી પણ પડી રહી શકતો નથી. સાધકનો અજંપો કોઈ જુદા જ પ્રકારનો હોય છે. સાધકને જે દિશામાં જવું છે, તે દિશામાં જવાનું તે ભૂલી કેમ શકે ?

જે સાધકને તે દિશામાં જવાનું જો ભાન જ રહેતું નથી, તો જાણવું કે સાધકને જીવનના આદર્શને આકાર પમાડવાનું હજી પૂરું દિલ પ્રગટેલું નથી. તો તેણે વધારે પ્રયત્ન કરવાના રહે છે. પ્રયત્નમાં જ્યારે હૃદયનો ભાવ ભળે છે, ત્યારે પ્રયત્ન વધારે યોગ્ય પ્રકારનો થતો હોય છે. ખાલી ખાલી, એકલા લુખ્ખા લુખ્ખા, કોરા પ્રયત્નથી પણ કશું વળી શકતું નથી. કેટલાકમાં પ્રયત્ન થયાં કરતાં હોય પરંતુ urge (પ્રેરણાત્મક જુસ્સાનું) મૂળ કોઈ જીવપ્રકારનું હોય છે. વળી, કોઈકનામાં તેનું અહમ્‌માં એમ જુદું જુદું હોયા કરે છે. કેટલાકમાં તો માત્ર જીવન અને જીવનની કઠોરતા અને જીવનના ઘોર સંગ્રામમાંથી ભાગી છૂટવાની વૃત્તિ કામ કરી રહેલી હોય છે. દિલથી લાગેલી તમન્નાનો પ્રકાર કોઈ જુદો જ હોય છે.

### સાધકનું ધ્યેય

શ્રીભગવાનને માર્ગે જનાર સાધકે પોતાની પ્રકૃતિને પૂરેપૂરી જાણવી જોઈએ. માંહેલા શત્રુના ધમપછાડા જ માત્ર નહિ, પણ એવી જાતના સ્થૂળ કે સૂક્ષ્મ હુમલાઓને તે જ પળે તેણે જાણવા જોઈએ. તે તે પળે તેણે જાગ્રત રહીને કે થઈને શ્રીભગવાનની પ્રાર્થના કરી તે બધું અને પ્રેમભક્તિભાવે જ્ઞાનપૂર્વક સમર્પણ કર્યા કરવું પડશે. કામ, ક્રોધ, મોહ, મદ, મત્સર, નાના પ્રકારની અહંતા ને નાના પ્રકારનાં મમત્વ — એ બધાંમાંથી મનને વેગળું કરવું. જે સાધકનામાં એવું બધું હોવા છતાં તે શ્રીભગવાનના ચરણકમળે જ માત્ર પડી રહેવાનો નિર્ધાર તેણે કરેલો છે, એવા નિર્ધારની કસોટી કેટલીયે વાર થતી રહેલી હોય છે. તે પોતે અનેક વાર પડતો તો હોય છે ને છોલાતો પણ હોય છે, પરંતુ તેની સતત એકધારી મીટ તો જીવનવિકાસ પરત્વે જ રહ્યાં કરે છે ને એના ધ્યેયમાંથી તે કદી પણ હઠતો નથી. તે પડે છે, કરે છે એની એને ઝાઝી પડી હોતી નથી. કિન્તુ એના ધ્યેયમાંથી એની જરાક પણ નજરચૂક થતાં એને હજારો વીંછીના ડંખથી પણ વધારે વેદના પ્રગટે તો જ તે સાધનાને પંથે આગળ ધપી શકશે.

જો સાધકના જીવનનું ધ્યેય શ્રીભગવાનના ચરણકમળનો રૂડો અલભ્ય લાભ એ જ એક માત્ર

હોય તો તેની નજર ત્યાંની ત્યાં જ રહ્યાં કરે તેમ તે મથ્યાં કરવાનું છે. એવા પ્રામાણિક અને સાચા મથવામાંથી કોઈક દહાડો સાચો પ્રાણ પ્રગટી જવાનો છે. જે સાધક સાધનાપથ પર ડગલાં ભરતો રહે છે, તેવો સાધક સાધનાપથને એક દિવસ કાપી શકવા અથવા વટાવી શકવા ભાગ્યશાળી થવાનો જ છે તેવું જે સાધક માનતો નથી, તેવો સાધક તો માત્ર ઠેરનો ઠેર રહેવાનો છે. એટલે જેને સાધનાપથે પહોંચવું છે તેને તો પળવાર પણ બેસી રહેવું પોસાય તેમ નથી.

જે ધ્યેયને સાધકે પામવું હોય તે ધ્યેયની પૂરેપૂરી, સાચેસાચી સમજણ હોય તે ઘણું અગત્યનું છે. ધ્યેય તો જેમ જેમ પાસે પાસે જતા જઈએ, તેમ તેમ તે આઘું અને આઘું જ જતું જવાનું. ક્ષિતિજની જેમ. જે કોઈને એક ડગલું ભરવામાં આનંદ પ્રગટે છે, એક ડગલું ધ્યેયના વિકાસના હેતુથી ભર્યા કરે છે, તેવા જીવના એક ડગલું ભરવાપણામાંથી સાધકનો વિશ્વાસ આપોઆપ કેળવાતો જાય છે.

જીવનમંડાણ : પૃ. ૭-૮, ૬૭-૬૮ સાધક એટલે ? પૃ.૮-૯

## ગયેલા આત્માને શ્રદ્ધાંજલિ

(૧) અમદાવાદ નિવાસી સ્વ. પરાગભાઈ રમેશભાઈ દેસાઈ (વાઘબકરી ચા પરિવાર) તા. ૨૨-૧૦-૨૦૨૩ના રોજ વૈકુંઠવાસી થયેલ છે.

(૨) સ્વ. છગનભાઈ ગોવિંદભાઈ પટેલ, દેસાઈપુરા, બાયડ, જિ. અરવલ્લીનું અવસાન તા. ૭-૧૧-૨૦૨૩ના રોજ થયેલ છે.

(૩) વડોદરાના વતની, હાલ યુ.એસ.એ. નિવાસી સ્વ. સવિતાબેન નાગજીભાઈ પટેલનું દેહાવસાન તા. ૨૩-૧૧-૨૦૨૩ના રોજ થયેલ છે.

(૪) અમદાવાદ નિવાસી સ્વ. ભાઈલાલભાઈ કાનજીભાઈ રાણીંગા (સોની) તા. ૪-૧૨-૨૦૨૩ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

(૫) સ્વ. જીતેન્દ્રભાઈ સોમાભાઈ પટેલ (વાસદ) (સી. સોમાભાઈ એન્ડ કં. - ચા ના વેપારી) હાલ અમદાવાદ નિવાસીનું અવસાન તા. ૧૪-૧૨-૨૦૨૩ રોજ થયેલ છે.

(૬) હરિઃૐ આશ્રમ, સુરતના પ્રમુખ ટ્રસ્ટી સ્વ. ક્રિષ્નકાંત શાંતિલાલ છત્રપતી, તા. ૧૭-૧૨-૨૦૨૩ના રોજ પૂજ્યશ્રી મોટાના ચરણશરણ પામ્યા છે.

(૭) સાહિત્ય મુદ્રણાલયના મોભી એવા શ્રી શ્રેયસ વિષ્ણુપ્રસાદ પંડ્યાનું તા. ૧૯-૧૨-૨૦૨૩ને મંગળવારના રોજ દેહાવસાન થયેલ છે. તેઓશ્રી સમાજમાં આગવું મોભાદાર સ્થાન ધરાવતા હતા. ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ, અમદાવાદના પ્રમુખ હતા. ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ એસોસિયેશનના પ્રમુખ ઘણા વર્ષો સુધી રહ્યાં. તેઓના પિતાશ્રી સ્વ. વિષ્ણુપ્રસાદ અને સ્વ. માતુશ્રી ભગવતીબહેન પંડ્યા તેમજ સ્વ. શ્રેયસભાઈ પણ પૂજ્ય શ્રીમોટાના અનન્ય અનુરાગી સ્વજન હતા.
સાહિત્ય મુદ્રણાલય દ્વારા પૂજ્ય શ્રીમોટાનું કોઈપણ સાહિત્ય ફક્ત પેપરનો ખર્ચ લઈને મુદ્રિત કરી આપે છે. પ્રેસમાં જ્યારે પણ નવીન પ્રિન્ટિંગ મશીન આવે ત્યારે પૂજ્ય શ્રીમોટા દ્વારા જ મશીન કાર્યરત કરવામાં આવતું. પૂજ્ય શ્રીમોટાએ સાહિત્ય મુદ્રણાલયમાં પોતાનો ભાગ છે તેવું જણાવેલ હતું.
પૂજ્ય શ્રીમોટા સ્વ. શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાને તેમના ચરણોમાં સ્થાન આપે તેવી હૃદયથી શ્રદ્ધાંજલિ હરિઃૐ આશ્રમ, નડિયાદ-સુરતનું ટ્રસ્ટીગણ અર્પે છે.

(૮) અમદાવાદ નિવાસી સ્વ. લતાબેન યોગેશભાઈ આશરા તા. ૨૦-૧૨-૨૦૨૩ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

**શ્રીહરિ મોટા સર્વે ગતાત્માઓને શાંતિ અને કલ્યાણ આપે તેવી હૃદયથી પ્રાર્થના**

## ૧૩. તાદાત્મ્યભાવની આવશ્યકતા, વાંચેલુ પચાવો - પૂ. શ્રીમોટા

**તાદાત્મ્યભાવની આવશ્યકતા :** સાધના કંઈ થોડા દિવસમાં કે થોડાં વર્ષોમાં થોડી જ પૂરી થઈ જતી હોય છ ? તેટલા કાળમાં સિદ્ધ થઈ જાય એવી ક્રિયા નથી. આપણા આધારમાં જે જે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્ આદિ રહેલાં છે, તેમને તેમને પોતપોતાનાં લઢણો, ટેવો, સમજણો, વિચારો, વૃત્તિઓ, લાગણીઓ, કામો, તૃષ્ણાઓ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈર્ષા આદિ અનેક અનેક રહ્યાં કરે છે. તે તે કરણો તેમને દઢપણે વળગી જ રહે છે. આ બધાંનું આપણે નિત્ય, નિત્ય પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક શ્રીભગવાનને ચરણકમળે સમર્પણ કર્યા કરવાનું રહે છે. તે પણ કંઈ એકદમ થઈ જતું હોતું નથી. એમાં પણ આધારના કરણોનો જબરો વિરોધ જાગતો હોય છે.

આપણાં કરણો અનેક પ્રકારની માગણીઓ કર્યાં કરે છે. શુદ્ધપણે તેઓ સમર્પણ પણ કરી શકતાં હોતાં નથી. એમાં કંઈ કંઈ પ્રકારનો આગ્રહ છુપાયેલો રહ્યા કરેલો હોય છે. પ્રાણની કામનાઓ પણ તેમાં સંડોવાયેલી હોય છે. તે બધી સૂક્ષ્મ, ગૂઢ, ગહન ને છૂપી રમતી લીલાને આપણે પારખી લેવી પડશે. ને તેનું નીંદામણ કર્યાં કરવાનું રહે છે. એવી પ્રત્યેક ક્રિયામાં હૃદયમાં હૃદયથી પ્રાર્થનાભાવે ગુરુની કૃપા-મદદ સાધકે યાચ્યાં કરવાની છે. ગુરુના હૃદય સાથે સાધકના હૃદયના પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકના તાદાત્મ્યભાવ સાથેના સંપૂર્ણ મિલનની પરમાવશ્યકતા રહેલી છે. એવું થતાં, માંગતાની સાથે મદદ મળતી અનુભવી શકાય છે, એવો 'આ જીવ'નો જીવતો જાગતો અનુભવ છે. પણ આ રીતે હજી સુધી કોઈ 'જીવે' કરી જોયેલું નથી. ને હજી કોઈ કરી પણ શકતા નથી.

માર્ગમાં આગળ ન વધી શકાવાનાં ઘણાં ઘણાં કારણો રહેલાં છે. પણ જો માર્ગે ધપવું જ હોય તો સ્વપ્રયત્ન એ તો અનિવાર્ય શરત છે. ને જો જીવનમાં ગુરુની કૃપા-મદદ જોઈતી હોય તો સાધકે પણ તેની શરતોનું અનીવાર્યપણે પાલન કરવું જ પડશે ને તે પ્રમાણેનો યોગ્ય પૂરેપૂરો અમલ થઈ ગયેલો અનુભવાઈ જવાતાં ને એના પરત્વેનો ગુરુના હૃદયને પૂરો સંતોષ થઈ જતાં એનું જે તે યોગ્ય થયાં જવાનું છે. સાધકનાં મનહૃદય ને ગુરુનાં મનહૃદય જો એક થયાં કરતાં ન હોય, તો તેવા કામમાં પણ શા ભલીવાર પ્રગટે ? સંસારવહેવારમાં પણ જે કામ બે કે ત્રણ વ્યક્તિએ ભેગાં મળીને કરવાના છે, તેમાં પણ તે તે 'જીવો'નો એકરાગ, એકમેળ થયો હોય, તો જ તે યોગ્ય પ્રકારે બની શકે છે. મહાસભાની પ્રવૃત્તિનું યોગ્ય પ્રમાણે વર્તન થઈ શકે તે કાજે તેના નેતાઓ બધાંને એક થઈને તેને પાર પાડવાની હાકલ પાડ્યાં જ કરે છે. તેવી જ રીતે સાધનામાં પણ સાધક અને ગુરુના એક બનવાપણા પર ઘણો આધાર રહેલો છે.

**વાંચેલુ પચાવો** : તને રોજ કાગળોમાં લખવાનું તો ઘણું ઘણું હોય, પણ લખીને શું કરું ? જેટલું લખીને મોકલ્યું છે એટલું તું સવેળા પચાવી લે તો ય પૂરતું થઈ જાય. તું જો સંમતિ આપે તો રોજ તને ત્રણ પૈસાનું પોસ્ટકાર્ડ માત્ર 'હરિઃૐ' 'હરિઃૐ' એમ લખીને મોકલું. મારા કાગળો ન હોય તે દિવસે ફરી ફરી વાર આવેલા કાગળો વાંચી જવા ને એને વિચારવા. હૃદયની ભાવના જાગેલી હશે, તો તેમાંથી નવું નવું સમજાયાં કરશે. આ ઉપરાંત તારે હજી મારું છપાયેલું સાહિત્ય પૂરેપૂરું વાંચી જવાનું છે. તેમાંથી તને 'આ' માર્ગની ઘણી સમજણ મળશે.

તું મને તારામાં જ્ઞાનસ્વરૂપે જીવતો કરે તો જે 'જીવ' આજે છે તે સાચો સાત્ત્વિક બને. લગ્ન કંઈ પતિપત્નીનાં જ હોય છે એવું કશું નથી. એવાં લગ્ન એ તો માત્ર શરીરનાં લગ્ન હોય છે. સંસારમાં મનહૃદયનાં લગ્ન થયાં હોય છે. એવાં જોડાં ક્વચિત છે. **લગ્ન એટલે તો એક થવું. આપણે તો શ્રીભગવાનની ભક્તિમાં એક થવું છે, એને વરવો છે. બીજા વરને શું કરવો છે ? જેના વડે કરીને આપણું અખંડ સૌભાગ્ય પ્રાપ્ત થાય એવો વર આપણને ખપનો છે.**

**(સંસારમાં વૃંદાવન; પૂ. ૮૮-૯૧)**

## વર્ષ ૨૦૨૪ દરમ્યાન હરિઃૐ આશ્રમ, નડીઆદ ઉત્સવ તહેવારોની યાદી

૧. તા. ૧૮-૦૨-૨૦૨૪ રવિવાર, **વસંત પંચમી** પૂજ્ય શ્રીમોટાને બાળયોગીજી મહારાજે દિક્ષા આપેલી.

૨. તા. ૧૭-૦૪-૨૦૨૪ બુધવાર, **રામનવમી** પૂજ્ય શ્રીમોટા સાક્ષાત્કાર દિન.
(વધુ વિગતો હરિઃૐ આશ્રમ, સુરત પાસેથી મેળવવી.)

૩. તા. ૨૧-૦૭-૨૦૨૪ રવિવાર, **ગુરુ પૂર્ણિમા,** વ્યાસપૂર્ણિમા

૪. તા. ૨૨-૦૯-૨૦૨૪ રવિવાર, **૧૨૭મો જન્મદિન ઉત્સવ** (તિથિ મુજબ ભાદરવા વદ ચોથ)

૫. તા. ૨૩-૦૭-૨૦૨૪ મંગળવાર, સ્વૈચ્છિક દેહત્યાગ દિન.

૬. તા. ૧૨-૧૦-૨૦૨૪ શનિવાર, **દશેરા, વિજ્યા દશમી, ધ્વજારોહણ કાર્યક્રમ**

૭. તા. ૩૧-૧૦-૨૦૨૪ ગુરુવાર, **દિવાળી, દીપાવલી** (ચોપડાપૂજન)

૮. તા. ૦૨-૧૧-૨૦૨૪ શનિવાર, **નૂતન વર્ષારંભ** (વિક્રમ સંવત ૨૦૮૧ પ્રારંભ)

વિશેષ નોંધ : (૧) ઉત્સવના વિગતવાર કાર્યક્રમ હવે પછી વખતો વખત પ્રસિદ્ધ કરવામાં આવશે.
(૨) ઉત્સવની ઉજવણીનું સ્થળ જણાવેલ ન હોય ત્યારે હરિઃૐ આશ્રમ, નડીઆદમાં ઉજવણી થશે.

## પૂજ્ય શ્રીમોટાનો ૧૦૧મો દીક્ષાદીન

પૂજ્ય શ્રીમોટાને સદ્‌ગુરુ શ્રી બાળયોગીજી મહારાજે ૧૯૨૩માં વસંત પંચમીના દિવસે દીક્ષા આપેલી તેને ૧૦૧ વર્ષ થતાં હોઈને હરિઃૐ આશ્રમ, નડીઆદમાં ઉજવણી કરવામાં આવનાર છે. સર્વે સ્નેહીજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.


**ઉત્સવના યજમાન**
**સુજ્ઞશ્રી મૃદુલાબેન માણેકલાલ મુખી**
**સુજ્ઞશ્રી ભારતીબેન માણેકલાલ મુખી**

**તા. ૧૮-૦૨-૨૦૨૪ને રવિવાર**

| | | |
|---|---|---|
| સવારે : | ૮:૦૦ થી ૮:૩૦ | અલ્પાહાર, ચા-કોફી |
| | ૮:૩૦ થી ૧૨:૦૦ | પ્રાર્થના, મંગલાષ્ટક, હરિઃૐ ધૂન, ભજન |
| | ૧૨:૦૦ થી – | ગુરુવંદના, આભારવિધિ, મહાપ્રસાદ |

સ્થળ : હરિઃૐ આશ્રમ, દખ્ખણિયો ઓવારો, શેઢી નદીના કાંઠે, જૂના બિલોદરા ગામ, નડીઆદ-કપડવંજ રોડ, નડીઆદ-૩૮૭ ૦૦૧

સંપર્ક : આશ્રમ : ૭૮૭૮૦૪૬૨૮૮, પરેશભાઈ : ૯૪૦૮૯૨૦૭૫૭, મંગેશભાઈ ૯૮૨૫૦૭૯૦૮૦



## પૂજ્ય શ્રીમોટાને દીક્ષાદિને અંજલિ-મંગલાષ્ટક

(શાર્દૂલવિક્રીડિત)

આજે મંગલ "પંચમી" જીવનનાં માંગલ્યના જન્મની !
કેવી ધન્ય પળો ગુરુમિલનની ચૈતન્ય "દીક્ષા" મળી !
જેનાં અંતરમાં અખંડ પ્રગટી ઓજસ્વી દીપાવલિ !
એવા ચેતનરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ ! ૧

સીતારામ તણા પવિત્ર યુગનો આદર્શ ઊંચો અતિ,
પ્રત્યક્ષે પ્રગટાવીને જીવનમાં જે દિવ્ય પામ્યા સ્થિતિ;
જેણે સ્વાર્પણ યજ્ઞમાં હર પળે આહુતિ અર્પ્યા કરી,
એવા ત્યાગ સ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ ! ૨

જેનાં અંતરમાં રમે હર પળે દૈવી પ્રભુચેતના,
જેની આત્મનિકુંજમાં વિકસતી અંતર્મુખી ભાવના;
સાકારે પ્રભુ દિવ્ય પ્રેમ સ્વરૂપે પ્રત્યક્ષ જેનાં મહીં,
એવા પ્રેમસ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ. ૩

શ્વાસોશ્વાસ મહીં વહે જીવનનું સંગીત જેનાં હૃદે,
સંસારે સ્થૂળ ત્યાગ-ભોગ પર જે આનંદ હૈયે રમે !
સાષ્ટાંગે પ્રણિપાત આજ કરતાં ભાવાશ્રુ ધારા વહી !
એવા દિવ્ય સ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ ! ૪

જેનું દ્વૈત થયું વિલીન જગમાં અદ્વૈતના ભાવમાં,
આત્માનંદ મહીં સદા વિહરતા તાદાત્મ્ય આધારમાં ;
જેના ચેતન સંગથી સ્વજનની ઊર્ધ્વે ગતિ થાય શી !
એવા ચૈત્ય સ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ. ૫

આજે શ્રી હરિઃૐ તણા સ્તવનથી ગાજે ગિરિ-કંદરા,
પ્રેરે જે ઉરસ્પંદને ધબકતી આ મંત્રની ચેતના !
શીળી ને કરુણામયી તવ કૃપા પ્રેમાગ્નિ જવાલા સમી !
એવા જ્ઞાન સ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ. ૬

આજે ધન્ય ઘડી પ્રભુમિલનની ચૈતન્યના જન્મની !
તારા મંગલ પર્વની હૃદયમાં સ્મૃતિ રહો પાવની;
અર્પી તેં પ્રભુપાદમાં જીવનના ઐશ્વર્યની અંજલિ,
એવા ભક્તિ સ્વરૂપ હે પ્રિય ગુરો ! પાદામ્બુજે અંજલિ. ૭

હૈયાના શુભ ભાવની તવ પદે અર્પું ગુરુદક્ષિણા !
વ્હેજો આ ગુરુભાવ ગંગહૃદયે એવી પદે પ્રાર્થના !
ચેતાવી શુભ પ્રેમયજ્ઞ જીવને તારી કરું અર્ચના !
આહુતિ દઈને અખંડ દિલની પામું તને સર્વદા. ૮

સરોજબહેન કાંટાવાળા

**(Printed Matter)**

**Bi-monthly RNI No. GUJGUJ/2018/76364**

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 and **published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD-387001.**

Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL